પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 05-11-2026 I VOL : 12 I Issue : 231 I Page : 8 I Price : 1.00/-


સુવિચાર

સારા વિચારો જીવનની દિશા બદલી શકે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
ગુજરાત યુથ કોંગ્રેસમાં મોટો રાજકીય ભૂકંપ: રાહુલ ગાંધીની રેલીમાં ગેરહાજર રહેતા 49...

4 
હૈદરાબાદમાં રૂ. 6.78 કરોડની દરબારી નોટોનું મહાકૌભાંડ પકડાયું

6 
'બેબી ડૉલ' સિંગર કનિકા કપૂરના બીજા લગ્ન પણ તૂટ્યાં, 4 વર્ષ બાદ...

7 
સચિન તેંડુલકરે જણાવ્યા ટોપ-3 ફેવરિટ કેપ્ટન, ધોની નંબર 1

એક નજર...

નિકિતા શર્માનો સિઝલિંગ અવતાર વાયરલ થયો



ટીવી એક્ટ્રેસ નિકિતા શર્મા અભિનય કરતાં લુકને કારણે સોશિયલ મીડિયા પર વધુ ફેમસ છે. દરરોજ અભિનેત્રી તેની સિઝલિંગ પોસ્ટ દ્વારા તેના ચાહકોના દિલના ધબકારા વધારી દે છે. જાણીતી ભારતીય ટીવી અભિનેત્રી નિકિતા શર્માએ તાજેતરમાં પોતાની નાઇટ સ્કાઇલાઇન બેકડ્રોપ વાળી બાલ્કનીમાંથી રોયલ બ્લુ સિલ્ક સાડીમાં અત્યંત ગ્લેમરસ અને રોયલ તસવીરો શેર કરી છે.

NEWS TRACK

મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પ બંને ગૃહોમાં હાર્યા, ડેમોક્રેટ્સને બહુમતી: મુસ્લિમ સેનેટર બનશે અબ્દુલ અલ-સૈયદ

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ સેનેટમાં બહુમતી મેળવી લીધી છે. જ્યારે હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં 218 બેઠકો જીતીને બહુમતીનો આંકડો પાર કરી લીધો છે. બીજી તરફ, મિશિગનમાં ડેમોક્રેટિક ઉમેદવાર અબ્દુલ અલ સૈયદે જીત મેળવી છે. આ સાથે જ તેઓ અમેરિકાના ઇતિહાસમાં સેનેટર તરીકે ચૂંટાનારા પ્રથમ મુસ્લિમ બની ગયા છે. ટ્રમ્પે અબ્દુલને ખુલ્લા મંચ પરથી 'જિહાદી' કહ્યા હતા. 25 ઓક્ટોબરે મિશિગનમાં એક ચૂંટણી રેલી દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું, 'હું અહીં એક જિહાદી અને મુસ્લિમ બ્રધરહૂડના સભ્યને અમેરિકન સેનેટર બનવાથી રોકવા આવ્યો છું.' ટ્રમ્પે અબ્દુલ પર આતંકવાદીઓનો સાથ આપવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે જો અલ-સૈયદ સેનેટર બને છે, તો તેમણે સંસદમાં પ્રવેશ કરતા પહેલાં મેટલ ડિટેક્ટરમાંથી પસાર થવું જોઈએ.

કિંગ ચાર્લ્સે ગુલામીના ઇતિહાસને શરમજનક ગણાવ્યો:કહ્યું- યાદ કરીને ડર લાગે છે, દુઃખ થાય છે

બ્રિટનના કિંગ ચાર્લ્સ તૃતીયે પોતાના દેશના ગુલામીના ઇતિહાસ પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે ગુલામોના વેપારમાં બ્રિટનની ભૂમિકા ઇતિહાસનો શરમજનક હિસ્સો છે. તેને યાદ કરીને તેમનું હૃદય કંપી ઊઠે છે અને તેમને ઊંડું દુઃખ થાય છે. ચાર્લ્સ મંગળવારે એન્ટિગુઆ અને બાર્બુડામાં કોમનવેલ્થ દેશોના નેતાઓની બેઠકની શરૂઆત કરતા આ વાત કહી. તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે કેરિબિયન દેશો બ્રિટન પાસે ગુલામી માટે માફી અને વળતરની માગ કરી રહ્યા છે. કિંગ ચાર્લ્સે કહ્યું કે ગુલામીનો ઇતિહાસ આજે પણ કેરેબિયન દેશો અને કોમનવેલ્થના અન્ય સભ્યોને અસર કરી રહ્યો છે. તેમણે કહ્યું કે ઇતિહાસમાં પૂર્વજોનાં સારા કાર્યો પણ છે અને ભૂલો પણ. તેઓએ કરેલાં કાર્યોને આપણે બદલી શકતા નથી, પરંતુ તેમની પાસેથી શીખી જરૂર શકીએ છીએ. તેમણે કહ્યું કે અન્યાય સામે હિંમત અને મજબૂત ઇરાદા સાથે લડી શકાય છે. ચાર્લ્સે ગુલામોના વેપારને નાબૂદ કરવામાં બ્રિટિશ રોયલ નેવીની ભૂમિકાનો પણ ઉલ્લેખ કર્યો.

રાહુલ ગાંધીએ PM નરેન્દ્ર મોદીને ચર્ચાનો પડકાર આપ્યો

મોદી દેશદ્રોહી છે, ટ્રમ્પના કહેવાથી કામ કરી રહ્યા છે: રાહુલ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે મેં PM નરેન્દ્ર મોદીને ચર્ચાનો પડકાર આપ્યો છે. મેં તેમને કહ્યું છે કે ક્યાંય પણ આવીને મારી સાથે ચર્ચા કરી લો, પરંતુ તેઓ મારી સામે આવીને બેસી શકતા નથી. હું ગેરંટી આપું છું કે 5 મિનિટમાં તેમને દેશદ્રોહી સાબિત કરી દઈશ. મોદીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નિયંત્રિત કરી રહ્યા છે.

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે મેં PM નરેન્દ્ર મોદીને ચર્ચાનો પડકાર આપ્યો છે. મેં તેમને કહ્યું છે કે ક્યાંય પણ આવીને મારી સાથે ચર્ચા કરી લો, પરંતુ તેઓ મારી સામે આવીને બેસી શકતા નથી. હું ગેરંટી આપું છું કે 5 મિનિટમાં તેમને દેશદ્રોહી સાબિત કરી દઈશ. મોદીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નિયંત્રિત કરી રહ્યા છે. આ વાત તેમણે પંજાબના સંગરુરમાં ઇન્સાફ રેલી દરમિયાન કહી. સંબોધનની શરૂઆતમાં તેઓ પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાના પિતા બલકૌર સિંહને સ્ટેજ પર લાવ્યા. રાહુલ ગાંધીએ કહ્યું કે સિદ્ધુ મૂસેવાલા સાથે જે થયું, તે આજે પંજાબમાં એક ફેશન બની ગયું છે. પંજાબમાં નશાખોરી



સૌથી મોટો મુદ્દો છે. ભગવંત માન દિલ્હીમાં હતા ત્યારે અમને જોક્સ સંભળાવતા હતા. સવારે 11 વાગ્યે તેમના મોઢામાંથી દારૂની દુર્ગંધ આવતી હતી. આ પહેલાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે દેશમાં મતચોરી થઈ છે અને અનેક જગ્યાએ મતચોરોની સરકાર ચાલી રહી છે. તેમણે કહ્યું કે દિલ્હીમાં બેઠેલી સરકાર મતચોરોની સરકાર છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી ચર્ચાનો પડકાર આપતાં કહ્યું કે, મોદીજી, તમે જ્યાં કહો ત્યાં હું ચર્ચા માટે તૈયાર છું. મારી સામે બેસી જાઓ, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ 24 કલાક વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે એ કહેતા રહે છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ અટકાવ્યો હતો. અદાણી વિરુદ્ધ અમેરિકામાં ચાલી રહેલો કેસ પણ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-અમેરિકા વેપાર કરાર બાદ બંધ કરાવી દીધો.

પંજાબની સરકાર દિલ્હીથી ચાલી રહી છે: રાહુલ

રાહુલ ગાંધીએ કહ્યું કે જો પંજાબમાં કોંગ્રેસની સરકાર બનશે તો સરકાર દિલ્હીથી નહીં ચાલે. પંજાબના મુખ્યમંત્રી જ પંજાબ ચલાવશે. ન તો દેશના ગૃહમંત્રી અને ન તો દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી પંજાબની સરકાર ચલાવશે. હાલમાં પંજાબની સરકારની અડધી લગામ અમિત શાહ અને અડધી અરવિંદ કેજરીવાલના હાથમાં છે. પંજાબની સરકાર દિલ્હીથી ચલાવવામાં આવી રહી છે. રાહુલ ગાંધીએ પંજાબની કાયદો-વ્યવસ્થાને લઈને પણ સવાલો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે જેલોમાં ગેંગસ્ટરોને ઉછેરવામાં આવી રહ્યા છે. જો કાયદો-વ્યવસ્થાની વાત કરવી હોય તો પહેલાં દેશને મણિપુરની પરિસ્થિતિ વિશે પણ જણાવવું જોઈએ. તેમણે કહ્યું કે પંજાબને એવી સરકારની જરૂર છે જે ખરેખર રાજ્ય માટે કામ કરે. રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના 31 ડિસેમ્બર 2029 સુધી પંજાબને નશામુક્ત બનાવવાના વચન પર કહ્યું કે ત્રણ વર્ષ પછી અમિત શાહ ગૃહમંત્રી નહીં હોય. તેમણે મુન્દ્રા પોર્ટ પર પકડાયેલા નશીલા પદાર્થોના કેસમાં કેન્દ્ર સરકારને સવાલ કર્યો કે આ અંગે શું કાર્યવાહી કરવામાં આવી?

નવા વર્ષે 7 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને રેલવેની મોટી ભેટ

આ નિર્ણયથી લાખો મુસાફરોને આર્થિક રાહત મળશે

નવી દિલ્હી

નવા વર્ષની શરૂઆત સાથે જ ભારતીય રેલવે દ્વારા સામાન્ય મુસાફરોને મોટો આર્થિક લાભ આપવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, હરિયાણા, પંજાબ, દિલ્હી અને ચંડીગઢમાંથી દોડતી 18 મહત્વની સુપરફાસ્ટ ટ્રેનોના મુસાફરો માટે ખુશાખબર આવી છે. ભારતીય રેલવે તંત્ર દ્વારા આ 18 સુપરફાસ્ટ ટ્રેનોનો સુપરફાસ્ટ દરજ્જો હટાવીને તેમને સામાન્ય મેલ અને એક્સપ્રેસ શ્રેણીમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મોટા ફેરફારના પરિણામે મુસાફરોએ હવે ટિકિટ બુક કરતી વખતે વધારાનો સુપરફાસ્ટ સરચાર્જ ચૂકવવો પડશે નહીં, જેનાથી સીધું ટિકિટ ભાડું ઘટી જશે. ટ્રેનોમાંથી સુપરફાસ્ટ સરચાર્જ રદ થવાને કારણે મુસાફરી શ્રેણી મુજબ ટિકિટના દરોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે. સ્લીપર ક્લાસમાં મુસાફરી કરતા લોકોને પ્રતિ ટિકિટ રૂ.30 નો ઘટાડો મળશે. એસી ચેર કાર, 3 એસી, 3 એસી ઇકોનોમી તેમજ 2 એસી ક્લાસના મુસાફરોને ટિકિટ દીઠ રૂ.45 ની સીધી રાહત મળશે, જ્યારે ફર્સ્ટ એસી કેટેગરીમાં મુસાફરી કરવા પર ટિકિટ દીઠ રૂ.75 સુધીની બચત થશે.



બે કરતાં વધુ બાળકો હોવા પર ચૂંટણીથી રોકવું ખોટું: સુપ્રીમ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે બે કરતાં વધુ બાળકો હોવા પર ચૂંટણી લડવાથી રોકતા કાયદા હવે પ્રાસંગિક રહ્યા નથી. કોર્ટે જણાવ્યું કે ભારતમાં કુલ પ્રજનન દર 2003માં 3 હતો, જે હવે ઘટીને 1.9 રહ્યો છે. 2.1ના પ્રજનન દરને રિપ્લેસમેન્ટ રેટ માનવામાં આવે છે. આનાથી ઓછા પ્રજનન દરનો અર્થ એ છે કે એક પેઢી પોતાના સ્થાને આવનારી પેઢીને સંપૂર્ણ રીતે સ્થાન આપી શકશે નહીં. કોર્ટે કહ્યું કે પ્રજનન દરમાં ઘટાડાથી વૃદ્ધોની વસ્તી વધી શકે છે અને કામકાજ કરતા લોકોની સંખ્યા ઘટી શકે છે. આ ફેરફારોને અવગણવાના ગંભીર પરિણામો આવી શકે છે. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચે મહારાષ્ટ્રનાં ભૂતપૂર્વ સરપંચ મંગલા ભીમરાવને રાહત આપી. તેમને ત્રીજા બાળકના જન્મના કારણે અયોગ્ય ઠેરવ્યા હતા. બેન્ચે 2003ના તે ચુકાદા પર પુનર્વિચાર માટે મામલો મોટી બેન્ચને મોકલી આપ્યો, જેમાં બે બાળકોની શરતને યોગ્ય ઠેરવવામાં આવી હતી.



75% અગ્નિવીરોને હવે 4 નહીં 6 વર્ષનો કાર્યકાળ મળશે, CDSની મોટી જાહેરાત

નવેમ્બરના મધ્યથી પ્રથમ બેચના 18,300 અગ્નિવીરો મુક્ત થવાના હતા, ત્યારે આ નિર્ણય આવ્યો

મુંબઈ

ભારતીય સૈન્ય દળોમાં સેવા આપતા અગ્નિવીરો માટે એક ખૂબ જ મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ એન. એસ. રાજા સુબ્રમણિએ 75% અગ્નિવીરોની સેવા મર્યાદામાં 2 વર્ષનો વધારો કરવાની જાહેરાત કરી દીધી છે. વરિષ્ઠ સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ નિર્ણય દર્શાવે છે કે સૈન્ય દળો અગ્નિવીરોના યોગદાનને મહત્ત્વ આપે છે અને તેમની સેવાની જરૂરિયાત અનુભવે છે. ખાસ વાત એ છે કે સેવા લંબાવવી કે નહીં તેનો અંતિમ નિર્ણય સંપૂર્ણપણે સંબંધિત અગ્નિવીરની પોતાની મરજી પર નિર્ભર રહેશે. સરકાર પસંદગીના અગ્નિવીરોને બે વર્ષનો કાર્યકાળ લંબાવી આપશે. આ એવા અગ્નિવીરો હશે જેમને નિયમિત કેડરમાં તાત્કાલિક સામેલ નહીં કરવામાં આવે. હાલમાં અગ્નિવીરોને ચાર વર્ષનો સેવાકાળ મળે છે જેના બાદ ફક્ત 25% ને નિયમિત કેડરમાં રાખવામાં આવે છે. જોકે હવેથી બાકીના 75% ને નોકરીના બે વર્ષના વિસ્તરણનો ફાયદો મળશે.

મહા-ધમાકો: મોત અને ગુનાખોરીની ફેક્ટરી 'નવાપુર સિન્ડિકેટ'

નંદુરબાર સરહદે ડી-કંપનીનું લોહિયાળ સામ્રાજ્ય: ખાકીએ ઈમાન વેચ્યું, રાજકારણીઓએ પ્રોટેક્શન શીલ્ડ આપ્યું!

- બિદખીપાડા બન્યું આંતરરાજ્ય ગુનેગારોનો સીક્રેટ સેફ-હાઉસ; એમડી ડ્રગ્સ અને ગેરકાયદેસર હથિયારોની હેરાફેરીનું નેટવર્ક
- રઈસ શેખનું ડાયરેક્ટ ડી-કંપની કનેક્શન: રોજના ₹2 લાખની લેવી; પપ્પુ ગોસ્વામી અને સુરજ જાયસ્વાલ પર અધિકારીઓને 'મેનેજ' કરવાનો સનસનાટીભર્યો આરોપ
- ધારાસભ્ય, સરપંચથી લઈને ખાકી સુધી કરોડોના 'હપ્તા'માં ભાગીદારી? ડીજીપી અને ગૃહ વિભાગ માટે સૌથી મોટો પડકાર


નંદુરબાર / મુંબઈ (વિશેષ સનસનાટીભર્યો રિપોર્ટ)

મહારાષ્ટ્ર અને ગુજરાતની સરહદ પર આવેલું નંદુરબાર જિલ્લાનું નવાપુર હવે માત્ર એક બોર્ડર એરિયા નથી રહ્યું, પરંતુ તે સમગ્ર દેશના સૌથી ખતરનાક અને સંગઠિત ગુનાખોરીના સિન્ડિકેટનું કાળું સરનામું બની ચૂક્યું છે. કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડીને અહીં એક એવું ઝેરી કાળું સામ્રાજ્ય ઊભું કરવામાં આવ્યું છે, જે રાજ્યના સુરક્ષા તંત્ર માટે સીધો પડકાર છે. 'પાક્કો ગુજરાત'ના આ ધમાકેદાર રિપોર્ટમાં તે ભયાનક સત્ય સામે આવ્યું છે, જેને દબાવવા માટે સિસ્ટમ અને અંડરવર્લ્ડના આકાઓ વર્ષોથી કરોડો રૂપિયાની રમત રમી રહ્યા છે.

ગુનાખોરીનું નવું 'કિલિંગ ઝોન': જૂના આરટીઓ અને બિદખીપાડા

નવાપુર શહેરના મુખ્ય માર્ગ પર આવેલ જૂના આરટીઓ (નવા આરટીઓ), શ્રીરામ પાર્ક અને ઈન્ડિયન પેટ્રોલ પંપની બરાબર પાછળ બિદખીપાડા ગામમાં લોખંડ અને તાડપત્રીના વિશાળ શેડ બનાવીને એક સમાંતર ગુપ્ત સામ્રાજ્ય ચલાવવામાં આવી રહ્યું છે. આ કોઈ સામાન્ય જુગારનો અડ્ડો નથી. રાત પડતાં જ અહીં મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ અને દમણથી અંડરવર્લ્ડના શાર્પશૂટર્સ, વોન્ટેડ ભાગેડુઓ અને મોસ્ટ વોન્ટેડ ગુનેગારો એકઠા થાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ, અહીં દરરોજ રાત્રે ટેબલ પર કરોડો રૂપિયાનું કાળું નાણું ઉડાવવામાં આવે છે, જ્યારે આ શેડની દીવાલોની પાછળ મોટા ગુનાઓ અને ગેંગવોરનું પ્લાનિંગ કરવામાં આવે છે.

સિન્ડિકેટના મુખ્ય સૂત્રધારો અને લોહિયાળ ગઠબંધન



તપાસ અહેવાલ મુજબ, આ સમગ્ર કાળા કારોબારનું સંચાલન મુખ્યત્વે ત્રણ શાતિર મોહરાઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે:

રઈસ શેખ (નવાપુર): ડાયરેક્ટ અંડરવર્લ્ડ અને ડી-કંપની સાથે કનેક્શન હોવાના ગંભીર આરોપો. રોજના આશરે ૨ લાખ રૂપિયાની લેવી કરાચી અને આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ સુધી પહોંચાડવાનો સનસનાટીભર્યો દાવો.

પપ્પુ ગોસ્વામી (લકડકોટ): પોલીસ, એલસીબી અને સ્થાનિક વહીવટી તંત્રને પૈસાના જોરે 'ન્યૂટ્રલાઈઝ' અને મોં બંધ રાખવાનું મુખ્ય કામ.

સુરજ જાયસ્વાલ: આંતરરાજ્ય નેટવર્ક, લોજિસ્ટિક્સ અને કલેક્શનની લોહિયાળ રમતો સંભાળતો મુખ્ય ખેલાડી. આ ત્રિપુટી માત્ર સ્થાનિક લેવલે જ સક્રિય નથી, પરંતુ આ નેટવર્કના તાર દાઉદ ઈબ્રાહિમની ડી-કંપની સિન્ડિકેટ અને દેશના મોટા માફિયાઓ સાથે સીધા જોડાયેલા હોવાની ભયાનક આશંકા છે.

ડ્રગ્સ, દેહવ્યાપાર અને ગેરકાયદેસર હથિયારોની ખુલ્લી મંડી

બિદખીપાડાના આ કાળા શેડમાં ચાલતી પ્રવૃત્તિઓ ગમે તે ઘડીએ મોટા નરસંહાર કે ભયાનક ક્રાઈમ બ્લાસ્ટનું કારણ બની શકે છે: ૧. યુવાનોને 'સ્લો પોઈઝન': એમડી (MD) ડ્રગ્સ અને પ્રતિબંધિત કેમિકલ્સનો ખુલ્લેઆમ સપ્લાય કરીને આખી યુવા પેઢીને બરબાદ કરવામાં આવી રહી છે. ૨. ગેરકાયદેસર તસ્કરીનો કોરિડોર: ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડરનો ફાયદો ઉઠાવીને દારૂ, ગુટખા અને ગેરકાયદેસર હથિયારો (દેશી કટ્ટા અને કારતૂસ)ની સરહદ પાર અટક્યા વગર હેરાફેરી. ૩. અનૈતિક પ્રવૃત્તિઓ અને બળજબરીથી વસુલી: દેહવ્યાપાર અને બ્લેકમેલિંગ દ્વારા આસપાસના રહેણાંક વિસ્તારમાં દહેશતનો માહોલ.

"પોલીસ પૂરેપૂરી વેચાઈ ચૂકી છે, નેતાઓ મૌન; ખાકી બની અડ્ડાની બાઉન્ડ્રી"

સ્થાનિક જનતાનો સીધો આરોપ છે કે નવાપુર પોલીસ સ્ટેશન, એલસીબી અને સ્થાનિક તંત્ર આ ખતરનાક રમતમાં બરાબરનું ભાગીદાર છે. જ્યારે રક્ષક જ ભક્ષક બની જાય, ત્યારે કાયદાનો ડર ક્યાંથી રહે?

અલ્ટીમેટમ: શું મહારાષ્ટ્ર અને ગુજરાત તંત્ર હવે બુલડોઝર ફેરવશે?

'ડીજીપી સાહેબ! નવાપુરને બીજું કરાચી કે કાળું સરનામું બનતા રોકો!' જો બિદખીપાડાના આ ગેરકાયદેસર અડ્ડાઓને તાત્કાલિક જમીનદોસ્ત કરવામાં નહીં આવે અને ખાકી વર્દીમાં છુપાયેલા ગદ્દારોને જેલ ભેગા કરવામાં નહીં આવે, તો નવાપુર ટૂંક સમયમાં જ કોઈ ભયાનક ગેંગવોર અને લોહીયાળ જંગનું સાક્ષી બનશે.

'પાક્કો ગુજરાત'ની સીધી માગણીઓ:

૧. એસઆઈટી અને એનઆઈએ તપાસ: ડી-કંપની કનેક્શન અને ડ્રગ્સ નેટવર્કની તપાસ કેન્દ્રીય એજન્સીઓ અને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા કરાવવામાં આવે. ૨. અધિકારીઓ પર એફઆઈઆર અને બરતરફી: સંબંધિત પીઆઈ, એલસીબી ઈન્ચાર્જ અને સંડોવાયેલા અધિકારીઓ સામે ભ્રષ્ટાચાર અને ગુનાહિત કાવતરાનો કેસ નોંધીને તરત જ નોકરીમાંથી બરતરફ કરવામાં આવે.

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

બીલીમોરા પોલીસ મથકની હદમાં SMCનો દરોડો: 35.12 લાખનો દારૂ સહિત મુદ્દામાલ જપ્ત

નવસારી

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ભાઠલા ગામના હવાડા ફળિયામાં સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે ૭૪ પેટીઓ, ૨,૫૬૦ બોટલો કિંમત રૂ.૧૦,૯૧,૫૩૫નો જથ્થો ઝડપી પાડ્યો હતો. જયમીન ઉર્ફે જયુ અરવિંદભાઈ પટેલની કબજાવાળી વાડીમાં કરવામાં આવેલી આ કાર્યવાહી દરમિયાન ત્રણ વાહનો, ચાર મોબાઈલ ફોન, રોકડ સહિત કુલ રૂ.૩૫,૧૨,૭૨૫નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

SMCના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.વી. ગળચરના નેતૃત્વમાં કરવામાં આવેલી રેડ દરમિયાન જયમીન ઉર્ફે જયુ અરવિંદભાઈ પટેલ (રહે. ભાઠલા, ગણદેવી) અને ચિરાગ અમરતભાઈ હળપતિ (રહે. નાની દમણ)ને ઝડપી પાડવામાં આવ્યા હતા.

આ પ્રકરણમાં દિપક ઉર્ફે દિપકો લલુભાઈ પટેલ, અભી અરવિંદભાઈ પટેલ, વિશાલ ઉર્ફે વિક્કી ટંડેલ, નયલો પટેલ, આનંદ મેડી અને રવિ ઓડ સહિત કુલ ૧૧ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. આ મામલે બીલીમોરા પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાવી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શ્રવણ ચોકડી પાસે મોબાઇલ સ્નેચિંગ કરનાર રીઢો આરોપી બાઇક સાથે ઝડપાયો

ભરૂચ

ભરૂચના શ્રવણ ચોકડી નજીક ક્રોમા શો-રૂમ સામેથી ગત તા. ૨૫/૧૦/૨૦૨૬ના રોજ મોટરસાઇકલ પર આવેલા અજાણ્યા શખ્સે ફરિયાદીના હાથમાંથી મોબાઈલ ફોન આંચકી લીધો હતો. આ મામલે ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

મોબાઈલ સ્નેચિંગના ગુનાનો ભેદ ઉકેલવા એ ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી હતી. આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસમાં કાળા રંગની બજાજ પલ્સર મોટરસાઇકલ પર આવેલા શખ્સે મોબાઈલ આંચક્યો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીની ઓળખ કરી યામીન અલ્તાફ પટેલ (રહે. ૧૩૦, એચ-૨, કોસાડ આવાસ, તા. અમરોલી, જિ. સુરત, મૂળ રહે. નવીનગરી, સરનાર (વ્હાલુ), તા. જિ. ભરૂચ)ને ઝડપી પાડ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી ગુનામાં વપરાયેલી બજાજ પલ્સર ૨૨૦ મોટરસાઇકલ નંબર GJ-05-SM-3042, કિંમત રૂ. ૫૦,૦૦૦ કબજે કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પતિ સાથે બોલાચાલી બાદ પત્નીએ પિયર પોઇચા ગામે ઘાસ મારવાની દવા પીધી

નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પોઇચા ગામે પતિ સાથે થયેલી બોલાચાલીનું મનમાં લાગી આવતાં 33 વર્ષીય પરિણીતાએ પોતાના પિયરમાં ઘાસ મારવાની દવા પી લીધી હતી. આ બનાવ અંગે રાજપીપળા પોલીસે નોંધ લઈ કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, અસ્મિતાબેન અલ્પેશભાઈ બારીયા (ઉં.વ. 33, રહે. મહાલક્ષ્મી સોસાયટી, ગાંધીચોક પાસે, રાજપીપળા) તા. 29/10/2026ના રોજ સવારે આશરે 8 વાગ્યે વડોદરા નોકરી પર જવા નીકળ્યાં હતાં. તે દરમિયાન પતિ અલ્પેશભાઈ રમણભાઈ બારીયા સાથે મિત્રને ઘરે બોલાવવા અને મિત્રની પત્નીના ફોન અંગે વાતચીત થતાં બોલાચાલી થઈ હતી.

બોરવેલના કારીગરોએ ટોમી વડે હુમલો કરી ઘરમાલિકને ગંભીર ઈજા પહોંચાડી

નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના મોટા મંડાળા ગામે બોરવેલના કામ દરમિયાન નજીવી બાબતે થયેલા વિવાદમાં બે કારીગરોએ ઘરમાલિક પર હુમલો કર્યો હતો. એક કારીગરે જમીન પર પડેલી ટોમી માથામાં મારી દેતાં ઘરમાલિકને ગંભીર ઈજા પહોંચી હતી.

ફરિયાદી ચીમનભાઈ ભુરાભાઈ વસાવાના ઘરે બોરવેલનું કામ ચાલતું હતું. કામ પૂર્ણ થયા બાદ તેમણે કારીગરોને આગળ ગામમાં કોના ઘરે કામ કરવાનું છે તે પૂછતાં કારીગરોએ મેનેજરને પૂછવાનું કહેતાં વિવાદ સર્જાયો હતો. મેનેજરને બોલાવવાનું કહેતાં બંને કારીગરો ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદી સાથે મારામારી કરી હતી.

દરમિયાન એક કારીગરે ટોમી વડે ફરિયાદીના માથામાં હુમલો કરી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપી નંબર-1એ સિયોનના મોબાઈલ ફોન પર ફોન કરી ફરિયાદીને બીજીવાર હેરાન કરશે તો જીવતો નહીં રહેવા દેવાની ધમકી આપી હતી.

આ મામલે દેડિયાપાડા પોલીસે નરોત્તમભાઈ જાતરભાઈ વસાવા (રહે. ખાબજી, ભરાડા, તા. દેડિયાપાડા, જિ. નર્મદા) તથા બે અજાણ્યા બોરવેલ કારીગરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ કોર્ટ કેમ્પસમાંથી બાઇક ચોરનારા પંજાબના ત્રણ રીઢા આરોપીઓ ઝડપાયા

ભરૂચ

ભરૂચ કોર્ટ કેમ્પસમાંથી ગત તા. ૨૭/૧૦/૨૦૨૬ના રોજ સવારે સાડા દસ વાગ્યાના અરસામાં હીરો-હોન્ડા CD-DOWN મોટરસાઇકલ નંબર GJ-16-R-3517ની ચોરી થઈ હતી. આ અંગે ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની સર્વેલન્સ ટીમે વિવિધ સ્થળોના CCTV ફૂટેજનું વિશ્લેષણ કરતાં ત્રણ શખ્સો મોટરસાઇકલ સાથે નજરે પડ્યા હતા. તપાસમાં ત્રણેય અગાઉ પણ મોટરસાઇકલ ચોરીના ગુનામાં સંડોવાયેલા હોવાનું અને ચોરીના દિવસે કોર્ટની મુદતે ભરૂચ આવ્યા હોવાનું સામે આવ્યું હતું.

ડોઝિયરની માહિતી, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસને આરોપીઓની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે નંદેલાવ બ્રિજથી ગોદી રોડ તરફ વોચ ગોઠવી હતી. દરમિયાન ચોરીની મોટરસાઇકલ સાથે આવતા વિશાલદીપસિંગ હરપાલસિંગ સિંધ, દલજીતસીંગ હરદીપસીંગ સિંધ અને અજયપાલ સુરેન્દ્રસિંગ સિંધ (ત્રણેય હાલ રહે. આશિર્વાદ હોટેલની બાજુમાં, એલ એન્ડ ટી કોલોની, તા. વાગરા, જિ. ભરૂચ, મૂળ રહે. જિ. તરનતારન, પંજાબ)ને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં ત્રણેયે કોર્ટ કેમ્પસમાંથી મોટરસાઇકલ ચોરી કર્યાની કબૂલાત આપી હતી.

ધર્મની પવિત્રતા સામે ગંભીર સવાલ: સાગરચંદ્ર સાગર વિવાદ અને નિષ્પક્ષ તપાસની માગ!!

અમદાવાદ


જૈન ધર્મની સ્થાપના અહિંસા, અપરિગ્રહ, ત્યાગ, તપ અને બ્રહ્મચર્યના પાયા પર થયેલી છે. ભગવાન મહાવીર સ્વામીના આ પાવન સિદ્ધાંતો સમગ્ર માનવજાતને સંયમ અને સદાચારનો શુદ્ધ માર્ગ ચીંધે છે. પરંતુ જ્યારે ધર્મના પવિત્ર સાધુવેશની આડમાં અનૈતિકતા, શ્રદ્ધાનો દુરુપયોગ અને આર્થિક ગેરરીતિઓના ગંભીર આક્ષેપો ઉછળે, ત્યારે સ્વાભાવિક રીતે જ સમગ્ર જૈન સમાજમાં હચમચાવનારો રોષ અને ચિંતા ફેલાઈ જાય છે. હાલમાં 'સાગરચંદ્ર સાગર' સામે ઊભો થયેલો વિવાદ આ જ સ્તરે પહોંચી ગયો છે, જેના કારણે મસૌરથી પાલિતાણા સુધી ચર્ચા અને આક્રોશનો માહોલ છવાયો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ સામગ્રી અને સાધુજીવનની મર્યાદા

આ વિવાદનું મુખ્ય કેન્દ્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી કથિત વોટ્સએપ ચેટ્સ, કોલ રેકોર્ડિંગ્સ અને તસવીરો છે. આ સામગ્રીએ સાધુજીવનની ગરિમા અને મર્યાદા સામે સવાલોની લાંબી હરોળ ખીલી દીધી છે.

આક્ષેપોની ગંભીરતા એટલી હદે છે કે કેટલીક મહિલાઓ અને સાધ્વીઓ સાથેના કથિત અનૈતિક સંબંધોની ચર્ચાઓ જોર પકડી રહી છે.

જોકે, માત્ર સોશિયલ મીડિયા પર



ફરતી સામગ્રીના આધારે જ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય નહીં.

સવાલ એ ઊભો થાય છે કે જો આ આક્ષેપો પાયાવિહોણા હોય, તો સંબંધિત પક્ષ દ્વારા તાત્કાલિક ધોરણે ખુલ્લી સ્પષ્ટતા કેમ કરવામાં નથી આવતી? અને જો તેમાં તથ્ય છે, તો કાયદેસરની તપાસથી કેમ ભાગવામાં આવે છે? ધર્મના નામે કોઈને પણ કાયદા અને નૈતિકતાથી ઉપર વિશેષ છૂટછાટ મળી શકે નહીં.

ફોરેન્સિક તપાસ અને સત્ય બહાર લાવવાની અનિવાર્યતા

કોઈપણ વ્યક્તિની પ્રતિષ્ઠા અને સમાજની આસ્થા વચ્ચે સંતુલન જાળવવા માટે ન્યાયિક અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો અત્યંત જરૂરી છે.

વાયરલ થયેલી ચેટ્સ અને ઓડિયો રેકોર્ડિંગ્સ અસલી છે કે બનાવટી? તેમાં કોઈ છેડછાડ કરવામાં આવી છે કે કેમ? આ તમામ બાબતોની દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવા માટે સઘન ફોરેન્સિક તપાસ થવી અનિવાર્ય છે.

આ મામલો માત્ર કેટલીક તસવીરો કે ચેટ્સ પૂરતો મર્યાદિત નથી, પરંતુ જૈન સમાજની વર્ષો જૂની પવિત્ર પરંપરા અને લાખો શ્રદ્ધાળુઓની આસ્થાની શુદ્ધતા સાથે જોડાયેલો છે.

કરોડોના દાન, ટ્રસ્ટીઓની ભૂમિકા અને પારદર્શક ઓડિટનો સવાલ

જૈન તીર્થક્ષેત્રો, જિનાલયો અને ધાર્મિક સંસ્થાઓમાં ભોળાભાવે શ્રદ્ધાળુઓ દ્વારા અપાતું દાન જીવદયા, શિક્ષણ, ધર્મસેવા અને સમાજકલ્યાણ માટે હોય છે.

આ વિવાદની સાથે જ સંસ્થાઓના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને મીડિયા કોર્ડિનેટર અભય ચોપરા જેવા સહયોગીઓની ભૂમિકા પણ શંકાના ઘેરામાં આવી છે.

દાનની રકમનો કોઈ દુરુપયોગ થયો છે કે નહીં, આર્થિક વ્યવહારોમાં કોઈ અનિયમિતતા છે કે કેમ અને ટ્રસ્ટોના હિસાબો પારદર્શક છે કે નહીં, તેની તપાસ માટે નિષ્પક્ષ કેગ અથવા સ્વતંત્ર ઓડિટ ઓથોરિટી દ્વારા તપાસ થવી જ જોઈએ. પ્રવચનોનો બહિષ્કાર અને જૈન સમાજનો સળગતો અસંતોષ : મધ્યપ્રદેશના મસૌર વિસ્તારમાં સાગરચંદ્ર સાગરના પ્રવચનો ચાલી રહ્યા હોવાના અહેવાલો વચ્ચે જૈન ધર્મપ્રેમીઓમાં તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. જૈન સમાજના જાગૃત વર્ગો દ્વારા આવા પ્રવચનો અને કાર્યક્રમોનો બહિષ્કાર કરવાની અપીલો જોરશોરથી થઈ રહી છે. પ્રવચનોમાં હાજરીમાં ભારે ઘટાડો થયો હોવાના દાવાઓ પણ ચર્ચાનો વિષય બન્યા છે. સમાજનો સ્પષ્ટ સૂર છે કે જ્યાં સુધી ગંભીર આક્ષેપો પરથી પડદો ન ઉઠે અને સંતોષકારક ખુલાસો ન થાય, ત્યાં સુધી ધાર્મિક મંચોનો દુરુપયોગ અટકાવવો જ પડશે.

પાક્કો ગુજરાતનો સિંહગર્જના સમાન સીધો સવાલ

ભગવાન મહાવીરના શાસનમાં પવિત્રતા જાળવવાની પ્રાથમિક જવાબદારી માત્ર સાધુઓની જ નથી, પરંતુ ટ્રસ્ટીઓ, સંચાલકો અને સમગ્ર જૈન સમાજની છે. જો આક્ષેપો ખોટા હોય તો તે માનસ્વી પુરાવાઓ સાથે જનસમક્ષ સાબિત થવું જોઈએ, અને જો ગેરરીતિ કે અપરાધ સાબિત થાય તો કોઈ પણ ધાર્મિક ઓઢ હેઠળ આરોપીને બચાવી શકાય નહીં. સત્ય અને ન્યાય જ હવે અંતિમ માર્ગ છે — ત્યારે જૈન સમાજ, સંબંધિત ટ્રસ્ટો અને જવાબદાર સંસ્થાઓ આ વિવાદના કાળા વાદળો હટાવીને સત્ય બહાર લાવવા ક્યારે સક્રિય થશે?

જૈન સમાજની મુખ્ય અને કડક માગણીઓ

1. સાગરચંદ્ર સાગર સામે લાગેલા તમામ અનૈતિકતા અને ગેરરીતિના આક્ષેપોની સમયબદ્ધ અને નિષ્પક્ષ ન્યાયિક તપાસ કરવામાં આવે.
2. વાયરલ થયેલી ચેટ્સ, તસવીરો અને કોલ રેકોર્ડિંગ્સની નિષ્ણાતો દ્વારા ફોરેન્સિક તપાસ કરાઈને સત્ય લોકપ્રકાશમાં લાવવામાં આવે.
3. આ સમગ્ર પ્રકરણમાં સંકળાયેલી સંબંધિત મહિલાઓની ગરિમા, સુરક્ષા અને ગોપનીયતાનું સંપૂર્ણ રક્ષણ થાય.
4. ધાર્મિક સંસ્થાઓના કરોડોના દાન અને નાણાકીય વ્યવહારોનું સ્વતંત્ર અને પારદર્શક ઓડિટ થાય.
5. ટ્રસ્ટીઓ, સંચાલકો તેમજ અભય ચોપરા સહિતના તમામ પદાધિકારીઓની ભૂમિકાની ઊંડાણપૂર્વક તપાસ થાય.
6. જો તપાસમાં કોઇ પણ પ્રકારનો ગુનો કે ગેરરીતિ સાબિત થાય, તો ધાર્મિક હોદ્દા કે વેશને ધ્યાનમાં લીધા વિના કાયદા અનુસાર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

કરમસદ-આણંદ મહાનગરપાલિકામાં મોટો ખેલ

સરકારી જમીન પર ઉગેલા 35 ફૂટ ઊંચા ઘટાદાર બાવળો NRI બિલ્ડરે રાતોરાત કાપી નાખ્યા છતાં બેફામ આઝાદ!

પ્રજાનો સળગતો સવાલ - શું મનપાના અધિકારીઓ સરકારી માલમિલકતોનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયા છે કે પછી અંદરખાને મોટી મિલીભગત છે?

આણંદ

આણંદ અને કરમસદ વિસ્તારમાંથી વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારની હદ વટાવી દેતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. કરમસદ-આણંદ મહાનગરપાલિકા (KAMC)ની હદમાં આવેલી કિંમતી સરકારી જમીન પર વર્ષોથી કુદરતી રીતે ઉગેલા અંદાજે ૩૫ ફૂટ ઊંચા અને ઘટાદાર બાવળોને એક વિદેશી (NRI) માલિક કે બિલ્ડર દ્વારા ગેરકાયદેસર રીતે સાફ કરી નાખવામાં આવ્યા છે. કાયદાના નિયમોને નેવે મૂકીને ખુલ્લેઆમ સરકારી જમીન પર દબાણ અને તોડફોડ કરવા છતાં આ એનઆરઆઈ શખ્સ હજુ સુધી કાયદાના સકંજાથી મુક્ત અને બેફામ આઝાદ ફરી રહ્યો છે, જેના કારણે સ્થાનિક જાગૃત નાગરિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કરમસદ-આણંદ પંથકમાં આવેલી આ સરકારી જમીન પર દાયકાઓ જૂના ૩૫ ફૂટ ઊંચા મજબૂત બાવળો ઊભેલા હતા. આસપાસના વિસ્તારની શોભા અને પર્યાવરણનું રક્ષણ કરતા આ ઘટાદાર વૃક્ષો અચાનક રાતોરાત કાપી નાખવામાં આવતા ચકચાર મચી ગઈ છે. સામાન્ય નાગરિક એક ડાળી કાપે તો વન વિભાગ અને મનપાના અધિકારીઓ દંડ ફટકારવા દોડી આવે છે, પરંતુ કોઈ પ્રભાવશાળી એનઆરઆઈ દ્વારા કરોડોની કિંમતી જમીન પર કબજો જમાવવાના ઈરાદે આટલા મોટા પાયે વૃક્ષોનો સફાયો કરી નાખવામાં આવે અને તંત્ર મૂકપક્ષી બનીને તમાશો જોયા કરે, તે અત્યંત શંકાસ્પદ છે. આ ગંભીર પ્રકરણ સામે આવ્યા બાદ સ્થાનિક પ્રજા અને કરસદ-આણંદના જાગૃત નાગરિકો દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સામે તીખા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે: શું મનપાના અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે?: પોતાની હદમાં આવેલા વિસ્તારમાં આટલી મોટી ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હતી, તો શું જવાબદાર ઈજનેરો અને અધિકારીઓને તેની ગંધ સુદ્ધાં નહોતી આવી? NRI આગળ તંત્ર નતમસ્તક કેમ?: વિદેશથી આવેલા શખ્સ દ્વારા સરકારી જમીનને નુકસાન પહોંચાડવામાં આવતું હોય છતાં અત્યાર સુધી કોઈ કડક ફોજદારી ગુનો કેમ દાખલ કરવામાં આવ્યો નથી?

દાંતામાં દિવાળી પહેલા વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ

પોલીસની નજર સામે નંબર પ્લેટ વગરની એક્ટિવાથી હોમ ડિલિવરી!

દાંતા

એક બાજુ બનાસકાંઠા પોલીસ નંબર પ્લેટ અને કાળા કાચ વિરુદ્ધ ટ્રાફિક ડ્રાઈવ ચલાવી રહી છે, તો બીજી બાજુ દાંતામાં જ પોલીસની અવરજવર વાળા વિસ્તારમાં નંબર પ્લેટ વગરની બ્લુ એક્ટિવા પર વિદેશી દારૂની હોમ ડિલિવરી થઈ રહી હોવાનો ચોંકાવનારો વિડીયો સામે આવ્યો છે.સ્થાનિક લોકોનું કહેવું છે કે છેલ્લા ઘણા સમયથી બહારના તાલુકામાંથી આવીને કેટલાક બુટલેગરો દાંતા તાલુકામાં વિદેશી દારૂનું વેચાણ કરીને તાલુકાને બદનામ કરી રહ્યા છે. દિવસના સમયે સફેદ કલરની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને રાખવામાં આવે છે અને બ્લુ એક્ટિવા મારફતે ઘરે ઘરે પહોંચાડવામાં આવે છે.સૌથી ચિંતાજનક બાબત એ છે કે કોઈ જાગૃત નાગરિક આની ફરિયાદ કરે તો તેને માથાભારે બુટલેગરો દ્વારા મારી નાખવાની ધમકીઓ આપવામાં આવે છે. આ અંગે અગાઉ દાંતા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદો પણ થઈ ચૂકી છે, છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. ત્યારે સવાલ એ થાય છે કે દિવાળીના તહેવારોમાં જ્યારે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હોય છે ત્યારે આ નંબર પ્લેટ વગરના વાહનો કોની રહેમ નજર હેઠળ ફરી રહ્યા છે? શું બનાસકાંઠા એસપી આવા બુટલેગરો વિરુદ્ધ પાસા જેવા કડક પગલાં લેશે કે પછી આંખ આડા કાન કરશે? દિવસે દારૂ મળવાના કારણે અનેક યુવાનો બરબાદીના રસ્તે ચડી રહ્યા છે.

કચ્છના અબડાસામાં

જમીન માફિયાઓ, ખનીજ ચોરો અને સોલાર કંપનીઓનો ખૌફનાક આતંક!!

કચ્છ

કચ્છ જિલ્લાના અબડાસા વિસ્તારમાંથી ગંભીર અને ચિંતાજનક અહેવાલો સામે આવ્યા છે, જ્યાં આખો અબડાસા પંથક જાણે જમીન માફિયાઓ, ખનીજ ચોરો અને ખાનગી સોલાર કંપનીઓની લૂંટનું ખુલ્લું મેદાન બની ગયો છે. સરકારી જમીનો, પર્યાવરણ અને કુદરતી સંપત્તિનો બેફામ વિનાશ થઈ રહ્યો હોવા છતાં સ્થાનિક પ્રશાસન, રાજ્ય સરકાર અને સ્થાનિક ધારાસભ્ય આંખ આડા કાન કરીને ઘોર નિંદ્રામાં પોઢી રહ્યા છે. સત્તાધીશોના આ મૌનથી પ્રજામાં અને વિપક્ષી નેતાઓમાં ભારે આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અબડાસામાં કાયદાના ધજાગરા ઉડાવીને પર્યાવરણને કાયમી નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે.

પહાડો અને સરકારી જમીનોનો સપાટો: ખનીજ ચોરો અને જમીન માફિયાઓ દ્વારા પહાડોને આડેધડ ખોદીને માટી તથા ખનીજ સંપત્તિની ચોરી કરવામાં આવી રહી છે. ગ્રામજનો અને પશુપાલકો માટે



મહત્વના એવા તળાવોની જમીન તેમજ હજારો એકર પંચાયત અને સરકારી જમીનો પર સોલાર કંપનીઓ દ્વારા બેફામ રીતે સોલાર પેનલો ખડકી દેવામાં આવી રહી છે. સીમાવર્તી અને ગોચર વિસ્તાર ધરાવતા અબડાસામાં સોલાર પ્લાન્ટ્સના આડેધડ બાંધકામને કારણે માલધારીઓ અને પશુપાલકો માટે ઘાસચારાની તથા જીવવાની ગંભીર સમસ્યા ઊભી થઈ છે.

અબડાસાની ધરા પર આટલા મોટા પાયે થઈ રહેલા આતંક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ છતાં પણ હર્ષ સંઘવીનું ગૃહવિભાગ, મુખ્યમંત્રી કાર્યાલય (CMO) કે સ્થાનિક ધારાસભ્ય કડક પગલાં લેવામાં કેમ નિષ્ફળ ગયા છે? શું સોલાર કંપનીઓ અને ભૂમાફિયાઓ આગળ સરકારી બાબુઓ નતમસ્તક બની ગયા છે? આમ આદમી પાર્ટી (AAP) સહિતના વિપક્ષી અગ્રણીઓ અને જાગૃત નાગરિકો આ મુદ્દે ઉગ્ર અવાજ ઉઠાવી રહ્યા છે અને સોશિયલ મીડિયાથી લઈને રસ્તા સુધી આ મુદ્દો ગરમાયો છે.

વડોદરાના ગોત્રી વિસ્તારમાં દારૂના વેચાણનો ખુલ્લેઆમ ખેલ

સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થતાં પોલીસની ઊંઘ ઉડી

વડોદરા



સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની પોલ ખોલતી એક અત્યંત શરમજનક અને સનસનાટીભરતી ઘટના સામે આવી છે. વડોદરાના પોશ અને વ્યસ્ત ગણાતા ગોત્રી વિસ્તારમાં વિદેશી દારૂનું ખુલ્લેઆમ અને બેરોકટોક વેચાણ થઈ રહ્યું હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. એક તરફ રાજ્ય સરકાર દ્વારા 'નશા મુક્ત ગુજરાત' અને દારૂબંધીના કડક અમલીકરણના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ ગોત્રી પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા આ ખુલ્લા વેપારે પોલીસની કામગીરી અને નિષ્ક્રિયતા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના ગોત્રી વિસ્તારમાં કેટલાક અસામાજિક તત્વો અને બુટલેગરો દ્વારા કાયદાનો કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા વગર જાહેરમાં કે અંડરગ્રાઉન્ડ રીતે વિદેશી દારૂનું વેચાણ કરવામાં આવી રહ્યું હતું. આ ઘાતક અને ગેરકાયદેસર પ્રવૃત્તિના કોઈ જાગૃત નાગરિક દ્વારા વીડિયો ઉતારી લેવામાં આવ્યા હતા, જે સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ ગયા છે. આ વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે બેફામ બનેલા બુટલેગરો પોલીસની નજર નીચે જ દારૂના બોક્સ અને જથ્થાની હેરાફેરી કરી રહ્યા છે.

આ વાયરલ વીડિયો સામે આવ્યા બાદ સામાન્ય નાગરિકો અને જાગૃત શહેરીજનોમાં વહીવટી તંત્ર અને પોલીસ સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. લોકો સવાલો પૂછી રહ્યા છે કે જો સામાન્ય નાગરિકોને આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નજરે પડતી હોય, તો રોજ પેટ્રોલિંગનો દાવો કરતી ગોત્રી પોલીસની આંખો પર કઈ પટ્ટી બંધાયેલી છે? શું પોલીસ અને બુટલેગરોની મિલીભગત વગર આટલા મોટા પાયે દારૂનું ખુલ્લું વેચાણ શક્ય છે ખરું?

ગુજરાત યુથ કોંગ્રેસમાં મોટો રાજકીય ભૂકંપ: રાહુલ ગાંધીની રેલીમાં ગેરહાજર રહેતા 49 હોદ્દેદારો સસ્પેન્ડ

24 જિલ્લા પ્રમુખો અને કોર્પોરેશન ચૂંટણીના દાવેદારો પર કોંગ્રેસની આકરી શિસ્તભંગની વિજળી ત્રાટકી

અમદાવાદ

રાજ્યના રાજકારણમાં અને ખાસ કરીને કોંગ્રેસના આંતરિક ખેંચતાણમાં એક મોટો ભડાકો થયો છે. રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાત અને મહત્વપૂર્ણ રેલી દરમિયાન નિષ્ક્રિય રહેનારા અને હાજરી ન આપનારા 'લગ્નના ઘોડા' જેવા બિનકાર્યક્ષમ નેતાઓ અને હોદ્દેદારો સામે કોંગ્રેસ હાઈકમાન્ડ તથા ગુજરાત યુથ કોંગ્રેસે લાલ આંખ કરી છે. સંગઠનમાં શિસ્ત અને જવાબદારી નક્કી કરવાના ભાગરૂપે યુથ કોંગ્રેસના ૪૯ જેટલા જવાબદાર હોદ્દેદારોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જેમાં ૨૪ જેટલા જિલ્લા પ્રમુખો તેમજ આગામી કોર્પોરેશન ચૂંટણી માટે ટિકિટની માંગણી કરનારા નેતાઓનો પણ સમાવેશ થાય છે.

મળતી વિગતો અનુસાર, લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ અને સંમેલન/રેલીને સફળ બનાવવા માટે ગુજરાત યુથ કોંગ્રેસના તમામ ઝોન, જિલ્લા અને સ્થાનિક હોદ્દેદારોને ચોક્કસ



જવાબદારીઓ સોંપવામાં આવી હતી. જોકે, આટલા મોટા અને મહત્વપૂર્ણ કાર્યક્રમમાં અનેક જવાબદાર નેતાઓ ગેરહાજર રહ્યા હતા અને કાર્યક્રમમાં સક્રિય ભૂમિકા ભજવી ન હતી.

તહેવારો અને ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે પક્ષમાં ચાલતી આ પ્રકારની બેદરકારી અને નિષ્ક્રિયતાને કોંગ્રેસ હાઈકમાન્ડે અત્યંત ગંભીરતાથી લીધી હતી. માત્ર પદ ભોગવતા પરંતુ મહત્ત્વના કાર્યક્રમોમાં પીછેહઠ કરતા નેતાઓને સંગઠનમાંથી બહારનો રસ્તો બતાવવા માટે યુથ કોંગ્રેસ મોરચાએ આ આકરું શિસ્તભંગનું પગલું ભર્યું છે.

૪૯ હોદ્દેદારો પર ગાજ: ૨૪ જિલ્લા પ્રમુખો પણ નપાવટ સાબિત થતાં સસ્પેન્ડ

ગુજરાત યુથ કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલા આ કડક નિર્ણયમાં કુલ ૪૯ હોદ્દેદારો સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે:

૨૪ જિલ્લા પ્રમુખો: પક્ષની કરોડરજ્જુ ગણાતા ૨૪ જેટલા જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખોને તેમની બેદરકારી બદલ હોદ્દા પરથી દૂર કરી સસ્પેન્ડ કરાયા છે.

ટિકિટ વાંચ્છુઓ અને કોર્પોરેશનના દાવેદારો: આગામી સ્થાનિક સ્વરાજ્યની કે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ટિકિટ મેળવવા માટે દાવેદારી કરી રહેલા અને મોટા મોટા દાવા કરતા અગ્રણીઓ પણ આ સસ્પેન્શનની યાદીમાં સામેલ છે.

અન્ય હોદ્દેદારો: પ્રદેશ અને સ્થાનિક કક્ષાના ૨૫ જેટલા અન્ય પદાધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે.

'લગ્નના ઘોડા' જેવા નેતાઓ સામે શિસ્તનો કોરડો: પક્ષનો કડક સંદેશ

યુથ કોંગ્રેસના આ નિર્ણયથી સમગ્ર કોંગ્રેસ સંગઠનમાં સન્નાટો વ્યાપી ગયો છે. પક્ષના વર્તુળોમાં ચર્ચા છે કે જે નેતાઓ માત્ર તકસાધુ બનીને હોદ્દાઓ ભોગવે છે પરંતુ જ્યારે પક્ષના સર્વોચ્ચ નેતાની રેલી કે જનસંપર્ક અભિયાન હોય ત્યારે ઘરે બેસી રહે છે, તેવા 'લગ્નના ઘોડા' સાબિત થયેલા નેતાઓની હવે પક્ષમાં કોઈ જરૂર નથી.

આ કાર્યવાહીથી યુથ કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે સંગઠનમાં માત્ર કામ કરનારા અને નિષ્ઠાવાન કાર્યકરોને જ સ્થાન મળશે. કોઈ પણ હોદ્દેદાર ગમે તેટલો પ્રભાવશાળી હોય, પરંતુ જો પક્ષના પ્રોગ્રામમાં બેદરકારી દાખવશે તો તેની સામે આવી જ રીતે કડક પગલાં ભરવામાં આવશે. આ ઘટના બાદ આગામી સમયમાં અન્ય મોરચાઓમાં પણ નિષ્ક્રિય નેતાઓ સામે સાફસૂફી થાય તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

આણંદ મહાનગરપાલિકામાં રોજમદારોનો માફીનામું પત્ર

નોટિસ મળતાં જ રોજમદારોએ લેખિતમાં ખુલાસો આપ્યો- "સાહેબ, અમારી ભૂલ થઈ ગઈ, માફ કરો"

આણંદ

આણંદ મહાનગરપાલિકામાં તાજેતરમાં બનેલી એક સંવેદનશીલ અને ચર્ચાસ્પદ ઘટનામાં મનપા તંત્ર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલી કારણદર્શક નોટિસના જવાબમાં રોજમદાર કર્મચારીઓએ પોતાની ભૂલ સ્વીકારીને લેખિતમાં માફી માંગી લીધી છે. મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા કામગીરીમાં બેદરકારી કે શિસ્તભંગ બદલ કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. આ નોટિસ મળતાની સાથે જ સફાઈ તેમજ અન્ય વિભાગોમાં ફરજ બજાવતા રોજમદારોએ પોતાની ભૂલ સ્વીકારીને "સાહેબ, અમારી ભૂલ થઈ ગઈ છે, અમને માફ કરો" લખાણ સાથેનો લેખિત ખુલાસો રજૂ કર્યો છે. મળતી માહિતી મુજબ, આણંદ મહાનગરપાલિકા ક્ષેત્રમાં ફરજ બજાવતા કેટલાક રોજમદાર કર્મચારીઓ દ્વારા કામગીરી દરમિયાન નિયમોનું ઉલ્લંઘન અથવા તો ફરજમાં આળસ અને બેદરકારી દાખવવામાં આવી હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા મનપાની કામગીરી પારદર્શક અને શિસ્તબદ્ધ રહે તે માટે તાત્કાલિક ધોરણે જવાબદાર રોજમદારો સામે લાલ આંખ કરવામાં આવી હતી અને તેમને લેખિતમાં નોટિસ પાઠવીને સ્પષ્ટતા કરવા આદેશ આપવામાં આવ્યો હતો. મહાનગરપાલિકા તરફથી કડક વલણ અપનાવીને નોટિસ આપવામાં આવતાં જ રોજમદારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. રોજગારી ગુમાવવાનો ભય અને નોકરી પર જોખમ ઊભું થતાં કર્મચારીઓએ સમયસર નોટિસનો જવાબ આપવાનું યોગ્ય માન્યું હતું. તેમણે રજૂ કરેલા લેખિત ખુલાસામાં પોતાની ભૂલ સ્વીકારીને ભવિષ્યમાં આવી ભૂલનું પુનરાવર્તન નહીં થાય તેવી ખાતરી આપી હતી.

ડભોઇમાં આધુનિકતાનું ગ્રહણ

ચાઇનીઝ રોશની અને પ્લાસ્ટિકના ચળકાટ સામે ડૂબવા લાગી પ્રજાપતિ સમાજની આશા

ડભોઇ

અંધકાર પર પ્રકાશના વિજયનો પર્વ એટલે દિવાળી. ઘર-આંગણે ઘી-તેલના દીવા પ્રગટાવીને માતા લક્ષ્મીજીનું સ્વાગત કરવાનો આ પવિત્ર અવસર સમગ્ર દેશમાં ઉત્સાહથી ઉજવાય છે. વર્ષોથી ચાલી આવતી સનાતન પરંપરા મુજબ ડભોઇના પ્રજાપતિ (કુંભકાર) સમાજના પરિવારો દિવાળી પૂર્વે મહિનાઓ સુધી તનતોડ મહેનત કરીને શુદ્ધ દેશી માટીના પરંપરાગત દીવડાઓ તૈયાર કરે છે. પરંતુ, આધુનિકતા અને અંધાધૂંધ ટેકનોલોજીના આજના યુગમાં ડભોઇના આ માટીના દીવાઓનું અસ્તિત્વ જ જોખમમાં મુકાયું હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. બજારમાં ચાઇનીઝ ઇલેક્ટ્રિક લાઈટો, પ્લાસ્ટિકના રંગબેરંગી દીવા અને ચળકાટવાળી સિરામિક વેરાયટીઓની ભરમારના કારણે



ડભોઇના પરંપરાગત કુંભકારોની રોજીરોટી પર મંદીનો ભારે માર પડ્યો છે. એક સમય હતો જ્યારે દિવાળીના તહેવારોમાં માટીના કોડિયાં ખરીદવા માટે ડભોઇના બજારોમાં ભારે ભીડ ઉમટતી હતી અને દરેકના ઘરે માટીના દીવડાની જ પવિત્ર જ્યોત ઝળહળતી હતી. પરંતુ આજના ફાસ્ટ અને દેખાડાના યુગમાં લોકો ઈકો-ફ્રેન્ડલી અને પરંપરાગત માટીના દીવડાઓને બાજુ પર મૂકીને સસ્તા, આર્ટિફિશિયલ અને ચાઇનીઝ ડેકોરેશન તરફ આંધળી દોટ મૂકી રહ્યા છે. બજારમાં અવનવી ડિઝાઈન અને ફ્લેશિંગ લાઈટ્સ ઉપલબ્ધ બનતાં દેશી દીવડાંની માંગમાં મોટો કડાકો બોલાયો છે. પરિણામે, પરંપરાગત હસ્તકલાનું જતન કરતા કારીગરોની મહેનત પાણીમાં ગઈ છે. માટી લાવવાના ખર્ચથી માંડીને, ચાકડા પર એકસાથે હજારો દીવડાં ઘડવા, તેને તડકામાં સુકવવા અને ભઠ્ઠી (નિભાડા) માં પકવવાની આકરી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ કારીગરો માલ તૈયાર કરે છે. પરંતુ તૈયાર થયેલા દીવાઓ નહીં વેચાવાના કારણે ડભોઇના પ્રજાપતિ સમાજના પરિવારો ગીરસંકટમાં મુકાયા છે. દિવસ-રાત કાળઝાળ મહેનત કરી પરસેવો વહાવવા છતાં કારીગરોને માલની પડતર કિંમત જેટલું વળતર પણ મળતું નથી.

ભાવનગરમાં પોલીસ બેડામાં મોટો ભડાકો: બુટલેગરો સાથે ઘરોબો ધરાવતા 23 પોલીસકર્મીઓની તડકાઈથી બદલી

ભાવનગર

ગુજરાતના પોલીસ વિભાગમાં ભ્રષ્ટાચાર અને ગુનેગારો સાથેની મિલીભગત સામે હવે ઉચ્ચ અધિકારીઓ દ્વારા સખત પગલાં લેવામાં આવી રહ્યા છે. ભાવનગર જિલ્લામાં પોલીસ બેડામાં આંતરિક શિસ્ત અને પ્રામાણિકતા જાળવી રાખવાના ભાગરૂપે એક અત્યંત મોટો અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના બુટલેગરો, અસામાજિક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવનારાઓ સાથે આંતરિક સંબંધો અથવા તો હપૂતિ રાખનાર ૨૩ જેટલા પોલીસકર્મીઓની એકસાથે આડેધડ બદલી કરી નાખવામાં આવતા સમગ્ર પોલીસ વિભાગમાં સન્નાટો વ્યાપી ગયો છે. જિલ્લા પોલીસ વડા (SP) દ્વારા લેવાયેલા આ ઘાતક પગલાથી ખાખી વર્દીને લાંછન લગાવતા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા કેટલાક પોલીસ કર્મચારીઓ દ્વારા દારૂ અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનાર બુટલેગરોને છાવરવામાં આવતા હોવાની અને તેમની સાથે ગુપ્ત સાંઠગાંઠ હોવાની ગંભીર ફરિયાદો ઉચ્ચ સ્તરે પહોંચી હતી. સામાન્ય જનતા અને જાગૃત નાગરિકોમાં આ બાબતે ભારે રોષ પ્રવર્તી રહ્યો હતો કે પોલીસની રહેમનજર હેઠળ જ પંથકમાં દેશી-વિદેશી દારૂનો વેપલો ફાલીફૂલી રહ્યો છે.

આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈને જિલ્લા પોલીસ વડા (SP) દ્વારા ગુપ્ત તપાસ કરાવવામાં આવી હતી.

ડભોઇમાં VIP કલ્ચર સામે જનકોશનો જ્વાળા

વડાપ્રધાનના પ્રવાસ વખતે ગંદકી પર મારેલા પડદા રવાના થતાં જ પોલ ખુલ્લી

ડભોઇ



સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય પ્રવેશદ્વાર ગણાતા ઐતિહાસિક નગર ડભોઈમાં હાલ વહીવટી તંત્રની બેધારી નીતિ અને વીઆઈપી કલ્ચર સામે પ્રજાનો આક્રોશ સાતમા આસમાને પહોંચ્યો છે. વડાપ્રધાન અને અન્ય ઉચ્ચ મહાનુભાવોના આગમન વખતે રાતોરાત લાખો-કરોડોના ખર્ચે 'સ્વચ્છતા'ના જે તાયફા કરવામાં આવ્યા હતા, તેની ખરી હકીકત પ્રવાસ પૂરો થતાં જ સામે આવી ગઈ છે. તંત્રએ ગંદકીનો કાયમી ઉકેલ લાવવાને બદલે માત્ર વીઆઈપીઓની નજરથી વાસ્તવિકતા છુપાવવા માટે જે ખેલ રચ્યો હતો, તેનાથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા વીઆઈપી કાફલાની અવરજવરને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા ડભોઈ શિનોર ચોકડીથી લઈને નાંદોદી ભાગોળ સુધીના સમગ્ર માર્ગ પર ભારે દેખાડો કરવામાં આવ્યો હતો. 'સ્વચ્છતા એ જ સેવા' જેવા મોટા મોટા સૂત્રોચ્ચાર વચ્ચે તંત્રએ વાસ્તવિક સફાઈ કરવાની તસ્દી સુદ્ધાં ન લીધી.

રોડની બંને બાજુએ વર્ષોથી ફેલાયેલા કચરાના ઢગલા, ગંદકી અને દુર્ગંધને છુપાવવા માટે વિશાળ બેનરો, આકર્ષક પોસ્ટરો અને ચાદરોના ઊંચા પડદા ઊભા કરી દેવામાં આવ્યા હતા, જેથી બહારથી આવતા મહાનુભાવોને નગરની સાચી સ્થિતિનો ખ્યાલ જ ન આવે. જેવા વડાપ્રધાન અને ઉચ્ચ અધિકારીઓનો પ્રવાસ પૂર્ણ થયો કે તુરંત જ તંત્રની દાનત ખુલ્લી પડી ગઈ.

રાતોરાત લગાવવામાં આવેલા આ તમામ મોંઘાદાટ બોર્ડ અને પડદા કલાકોમાં જ હટાવી લેવામાં આવ્યા. પડદા હટતાંની સાથે જ એ જ જૂના ઉકરડા, પ્લાસ્ટિકના ઢગ અને દુર્ગંધ મારતી ગંદકી સરેઆમ રસ્તા પર દેખાવા લાગી છે. પ્રજાના ટેક્સના પૈસા ગંદકીના કાયમી નિકાલ માટે વાપરવાને બદલે માત્ર વીઆઈપીઓની નજર ચૂકવવા પાછળ વેડફી દેવાયા હોવાનો ગંભીર આક્ષેપ નગરજનો કરી રહ્યા છે.

મોંઘવારીના દાવાનળમાં હોમાતી જનતા

દિવાળી ટાણે જ અમૂલ ઘી, CNG અને ખાદ્યપદાર્થોના ભયાનક ભાવવધારા સામે કોંગ્રેસની લાલ આંખ, સરકાર સામે આકરા પ્રહારો

ગાંધીનગર

ગુજરાતમાં તહેવારોની મોસમ શરૂ થતાં જ સામાન્ય જનતા પર મોંઘવારીનો ચક્રવાત ફરી વળ્યો છે. આવશ્યક ચીજવસ્તુઓના ભાવ નિયંત્રિત કરવામાં અને જનતાને રાહત આપવામાં ભાજપ સરકાર સંપૂર્ણપણે નાકામ સાબિત થઈ છે. કાળાબજારીયાઓ, સંગ્રહખોરો અને ભેળસેળિયા તત્વો બેફામ બન્યા છે અને પ્રજા મોંઘવારીથી પીસાઈ રહી છે ત્યારે સરકારના ઘોર મૌન સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ સરકારની નીતિઓની પોલ ખોલતા અત્યંત આક્રમક અને ઘાતક તેવરમાં મોટો હુમલો બોલ્યો છે. દિવાળીના પવિત્ર તહેવાર પહેલાં જ સામાન્ય ગ્રાહકો પર મોંઘવારીનો મોટો આંચકો લાગ્યો છે. અમૂલ દ્વારા ઘી અને બટરના ભાવમાં સીધો જંગી વધારો ઝીંકવામાં આવ્યો છે: ૧ કિલો અમૂલ ઘીનું કાર્ટન ૬૩૦ રૂપિયાથી વધીને સીધું જ ૬૮૦ રૂપિયા થઈ ગયું છે (એટલે કે સીધો ૫૦ રૂપિયાનો વધારો). ૫૦૦ ગ્રામ શુદ્ધ ઘીનું પાઉચ ૩૨૫ રૂપિયાથી વધીને ૩૪૫ રૂપિયા પર પહોંચી ગયું છે. આ ઉપરાંત બટરમાં પણ ૧૦૦ ગ્રામમાં ૩ રૂપિયા અને ૫૦૦ ગ્રામમાં ૧૫ રૂપિયાનો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. એક તરફ તહેવારોના સમયે બજારમાં શુદ્ધ અમૂલ ઘી મળતું નથી અને ખુલ્લેઆમ ભેળસેળવાળા ઘીનો વેપલો ચાલી રહ્યો છે, ત્યારે બીજી તરફ રાજ્યના ૧૨ હજાર ગામોમાં વડાપ્રધાનના ભાષણો સાંભળવાની વ્યવસ્થાઓ પાછળ અમૂલ દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ ઉધારવામાં આવે છે. ગરીબ, સામાન્ય અને મધ્યમ વર્ગના માથા પર મોંઘવારીનો આ ડામ કેટલે અંશે વ્યાજબી છે?

સુરતના કતારગામના ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી માથા વગરનું નગ્ન ધડ મળતા સમગ્ર પંથકમાં થ્રિલર મૂવી જેવો સનસનાટીભર્યો ખુલાસો

સુરત

'બિગ બોસ' ફેમ આસિફ ખાન ભાવુક થયો

ઘરની અંદર હતો ત્યારે મિત્રનું હાર્ટ એટેકથી નિધન થયું; કહ્યું- પિતાને પણ આવી રીતે ગુમાવ્યા હતા

મુંબઈ

વેબ સિરીઝ 'પંચાયત'માં પોતાની એક્ટિંગથી ઓળખ બનાવનાર એક્ટર આસિફ ખાન 'બિગ બોસ 20'માંથી બહાર થઈ ગયો છે. શોમાં તેની સફર લગભગ 8 અઠવાડિયાની રહી. ઈન્ટરવ્યૂ દરમિયાન તે પોતાના બાળપણના મિત્ર જૈદને યાદ કરીને ભાવુક થઈ ગયો. તેણે જણાવ્યું કે જ્યારે તે શોની અંદર હતો, ત્યારે જ તેના મિત્રનું હાર્ટ એટેકથી અવસાન થયું હતું. આસિફને જુલાઈ 2025માં હાર્ટ એટેક આવ્યો હતો. ત્યારબાદ શરૂઆતમાં તેણે તેને એસિડ રિફ્લક્સની સમસ્યા ગણાવી હતી. તે જ સમયે, શો દરમિયાન કો-કન્ટેસ્ટન્ટ કાઝી તૌકીરે આસિફની બીમારી અંગે ટિપ્પણી કરી હતી. આ મુદ્દે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ પછી આસિફની પત્ની ઝેબા ખાને મેડિકલ રિપોર્ટ શેર કરીને જણાવ્યું હતું કે આસિફની કોરોનરી આર્ટરીમાં બ્લોકેજ થયું હતું. સારવાર દરમિયાન તેના હૃદયમાં સ્ટેન્ટ પણ મૂકવામાં આવ્યું હતું.

આસિફે હાર્ટ એટેકની વાત છુપાવી હતી, કારણ કે તેને ડર હતો કે તેનાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેની છબી પર અસર પડશે અને તેને કામ મળવાનું બંધ થઈ શકે છે. શો પ્રસારિત થયેલા શરૂઆતના અઠવાડિયાઓમાં સ્પર્ધક કાઝી તૌકીરે મનોરંજન અને ધ્યાન આકર્ષવા માટે મેડિકલ રૂમમાં જવા અને બીમાર હોવાનો ખોટો નાટક કર્યો હતો. ઈન્ટરવ્યૂ દરમિયાન આસિફે કહ્યું કે કોઈ ગંભીર બીમારીને લઈને આ રીતે મજાક કરવી યોગ્ય નથી. તેના મુજબ, સમાજમાં આજે પણ ઘણા લોકો આવી બીમારીઓથી ઝઝૂમી રહ્યા છે, પરંતુ તે ખુલ્લેઆમ પોતાની સમસ્યા વિશે વાત કરી શકતા નથી. આવી સ્થિતિમાં જો કોઈ આ બીમારીને મનોરંજનનો હિસ્સો બનાવી દે, તો તેની અસર આવા લોકો પર પણ પડી શકે છે. આસિફે કહ્યું કે આ પ્રકારની વાતોથી લોકોના મનમાં શંકા પેદા થઈ શકે છે. માની લો કે ભવિષ્યમાં કોઈ વ્યક્તિ પોતાની બીમારી વિશે કોઈને જણાવે, તો સામેની વ્યક્તિ તેની વાત પર વિશ્વાસ કરતા પહેલાં વિચારી શકે છે.




સુનિતા આહુજાએ પણ મુંબઈગરાને કરી અપીલ, વૃદ્ધોનું ખાસ ધ્યાન રાખો

"હું આપ સૌને વિનંતી કરું છું કે દિવાળીમાં બિલકુલ ફટાકડા ન ફોડો, કારણકે તેનાથી કુતરાં ડરી જાય છે

મુંબઈ

અભિનેત્રી દિયા મિર્ઝાના પ્રદૂષણમુક્ત દિવાળી અભિયાનને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે હવે અભિનેતા ગોવિંદાની પત્ની સુનિતા આહુજાએ પણ લોકોને દિવાળીમાં ફટાકડા ન ફોડવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે ફટાકડાના મોટા અવાજથી પ્રાણીઓ ડરી જાય છે. એટલું જ નહીં, ઘરમાં રહેતા વૃદ્ધ અને બીમાર લોકોને પણ આ અવાજને કારણે મુશ્કેલી પડે છે. મંગળવારે સુનિતા આહુજા મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. આ દરમિયાન તેમણે પૈપરાઝી સાથે વાતચીત કરતાં લોકોને જવાબદારીપૂર્વક દિવાળી મનાવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે તહેવારની ઉજવણી કરતી વખતે પ્રાણીઓ અને ઘરના વૃદ્ધોનું પણ ધ્યાન રાખવું જોઈએ. દિવાળી પર શું છે સુનિતા આહુજાનો સંદેશ? સુનિતા આહુજાએ લોકોને ફટાકડા ન ફોડવાની અપીલ કરતાં કહ્યું, "હું આપ સૌને વિનંતી કરું છું કે દિવાળીમાં બિલકુલ ફટાકડા ન ફોડો, કારણકે તેનાથી કુતરાં ડરી જાય છે. જે લકોના ઘરમાં વૃદ્ધો છે, તેમના માટે પણ ફટાકડાનો અવાજ સારો નથી. દિવાળી મનાવો, ઘરે પત્તાં રમો અને ખૂબ મોજમસ્તી કરો. સારું ભોજન કરો, ડાન્સ કરો અને ગીત ગાઓ પરંતુ વધુ પડતાં ફટાકડા ના ફોડો. પ્રાણીઓ ખૂબ જ ડરી જાય છે, તેઓ બોલી શકતા નથી પરંતુ તેઓને ખૂબ ડર લાગે છે. આ સાથે તમારા ઘરના વૃદ્ધોનું પણ ધ્યાન રાખો. મારી આપ સૌને આ જ વિનંતી છે." સુનિતાનું આ નિવેદન એવા સમયમાં સામે આવ્યું છે, જ્યારે અભિનેત્રી દિયા મિર્ઝાનું BMCના પ્રદૂષણમુક્ત દિવાળી અભિયાનમાં જોડાવું વિવાદનું કારણ બન્યું છે. BMCએ લોકોને જવાબદારીપૂર્વક દિવાળી મનાવવા અને વાયુ પ્રદૂષણ વધારતી પ્રવૃત્તિઓથી દૂર રહેવાની અપીલ કરવા માટે દિયા મિર્ઝાને આ અભિયાનમાં સામેલ કર્યા હતા. આ અભિયાન અંતર્ગત દિયાનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તેઓ લોકોને જાહેર રસ્તાઓ પર ફટાકડા ન ફોડવાની અપીલ કરતાં જોવા મળ્યા હતા. બોમ્બે હાઈકોર્ટના નિર્દેશોને ધ્યાનમાં રાખીને આ અપીલ કરવામાં આવી હતી. મુંબઈમાં સતત બગડતી હવાની ગુણવત્તા અને ફટાકડાથી સ્વાસ્થ્ય તથા પર્યાવરણને થતાં નુકસાનને લઈને આ પહેલ શરૂ કરવામાં આવી હતી. જોકે, દિયાના આ વીડિયોને લઈને કેટલાક રાજકીય નેતાઓએ તેમની ટીકા શરૂ કરી હતી. ત્યારબાદ BMCએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી આ વીડિયો હટાવી દીધો. આ મામલો 3 નવેમ્બરે હાઈકોર્ટમાં પણ પહોંચ્યો હતો. કોર્ટે દિયા મિર્ઝાના વિરુદ્ધ પ્રતિક્રિયા આપનાર નેતાઓની ટીકા કરી હતી.





આયુષ્માન ખુરાનાને મળી ધમકી, લોરેન્સ ગેંગના નામે કરોડોની ખંડણીની માંગ

એક પછી એક આવી ઘટનાઓ સામે આવતાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કલાકારોની સુરક્ષા અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે

મુંબઈ

બોલિવૂડના ચમકતા પડદા પાછળ હવે ભયનો માહોલ છવાઈ રહ્યો છે! એક પછી એક કલાકારોને મળી રહેલી ધમકીઓએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ચિંતા વધારી દીધી છે. ટાઈગર શ્રોફ બાદ હવે અભિનેતા આયુષ્માન ખુરાનાને લોરેન્સ ગેંગના નામે ધમકી મળી હોવાનો મામલો સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, આયુષ્માન ખુરાનાને એક ઓડિયો મેસેજ મોકલવામાં આવ્યો હતો. આ ઓડિયો મેસેજમાં ધમકી આપનાર વ્યક્તિએ પોતાની ઓળખ લોરેન્સ ગેંગ સાથે જોડાયેલી હોવાનો દાવો કર્યો હતો.

સાથે જ મોટી રકમની માંગણી કરવામાં આવી હોવાની વાત પણ સામે આવી છે.

જોકે, આ ધમકી પાછળ ખરેખર લોરેન્સ ગેંગનો હાથ છે કે પછી કોઈ વ્યક્તિ ગેંગના નામનો ઉપયોગ કરીને ડર ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે, તે તપાસનો વિષય છે. આ પહેલી ઘટના નથી કે જેમાં બોલિવૂડના કલાકારને ધમકી મળી હોય.

થોડા દિવસ પહેલાં અભિનેતા તુષાર કપૂરને પણ ધમકીભર્યો ઓડિયો મેસેજ મળ્યો હોવાનો મામલો સામે આવ્યો હતો.

આ મેસેજમાં ધમકી આપનાર વ્યક્તિએ પોતાની ઓળખ હેરી બોક્સર તરીકે આપી હોવાનું જાણવા મળ્યું હતું.

એક પછી એક આવી ઘટનાઓ સામે આવતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કલાકારોની સુરક્ષા અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે. ખાસ કરીને જ્યારે જાણીતા કલાકારોને ગેંગસ્ટરના નામે ધમકી આપવામાં આવે અને કરોડોની ખંડણી માંગવામાં આવે ત્યારે મામલાની ગંભીરતા વધી જાય છે.

હવે, જોવાનું એ રહેશે કે આ ધમકીભર્યા ઓડિયો પાછળ કોણ છે અને તપાસમાં શું હકીકત સામે આવે છે. હાલ તો આયુષ્માન ખુરાનાને મળેલી કથિત ધમકીએ બોલિવૂડમાં ફરી એકવાર ચકચાર મચાવી દીધી છે.

કાર્તિક આર્યન અને કબીર ખાનની 'લડાકૂ' 18 જૂન, 2027ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

મુંબઈ

નેશનલ એવોર્ડ વિજેતા કાર્તિક આર્યન અને જાણીતા દિગ્દર્શક કબીર ખાનની સફળ જોડી અનન્યા બિરલાના બિરલા સ્ટુડિયોઝ સાથે મળીને એક હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી ફિલ્મ 'લડાકૂ' લઈને આવી રહી છે. બિરલા સ્ટુડિયોઝે આજે આ ફિલ્મની દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની તારીખ 18 જૂન, 2027 જાહેર કરી છે. 'લડાકૂ'નું નિર્માણ બિરલા સ્ટુડિયોઝ અને કબીર ખાન એન્ટરટેઈનમેન્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ ફિલ્મ કાર્તિક આર્યન માટે નિર્માતા તરીકેની પહેલી ફિલ્મ પણ છે. આ માટે તેમણે ડોપામાઈન સ્ટુડિયોઝ સાથે હાથ મિલાવ્યો છે. 'લડાકૂ' એક અસાધારણ સત્ય ઘટના પર આધારિત ફિલ્મ છે, જે મહત્વાકાંક્ષા, સંઘર્ષ, દૃઢ નિશ્ચય અને આશાની પ્રેરણાદાયી કહાની રજૂ કરે છે. 'ચંદૂ ચેમ્પિયન' જેવી ખૂબ વખણાયેલી અને અનેક પુરસ્કારો મેળવનારી ફિલ્મ આપ્યા બાદ કાર્તિક આર્યન અને કબીર ખાનની જોડી ફરી એકવાર સાથે આવી રહી છે. આ જ કારણે 'લડાકૂ' વર્ષ 2027ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક બની ગઈ છે. 'બજરંગી ભાઈજાન' અને '83' જેવી લોકપ્રિય અને દિલને સ્પર્શી જતી ફિલ્મો માટે જાણીતા કબીર ખાન ફરી એકવાર એવી કહાની લઈને આવી રહ્યા છે, જેમાં એક એવો નાયક છે, જે અનેક મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરીને પોતાના હિંમત અને મજબૂત ઇચ્છાશક્તિના બળ પર જીત મેળવે છે. 'લડાકૂ' દ્વારા કબીર ખાન ફરી એકવાર ભાવનાત્મક, હૃદયસ્પર્શી અને આખા પરિવાર સાથે જોઈ શકાય તેવી મનોરંજક ફિલ્મ રજૂ કરવા જઈ રહ્યા છે.



DLS નિયમ મુજબ 32 ઓવરમાં 143 રનનો ટાર્ગેટ ભારતે 22.4 ઓવરમાં હાંસલ કર્યો

પ્રથમ વન-ડેમાં ભારતનો શાનદાર વિજય, ન્યૂઝીલેન્ડને 5 વિકેટે હરાવ્યું

મુંબઈ

ઓકલેન્ડ ખાતે રમાયેલી પાંચ મેચોની શ્રેણીની પ્રથમ વન-ડે મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે શાનદાર પ્રદર્શન કરતા ન્યૂઝીલેન્ડ સામે 5 વિકેટે વિજય મેળવ્યો છે. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડની ટીમ 40.2 ઓવરમાં 185 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. વરસાદના વિક્ષેપને કારણે ભારતને ડકવર્થ-લુઈસ-સ્ટર્ન (DLS) નિયમ મુજબ 32 ઓવરમાં 143 રન બનાવવાનો સુધારેલો ટાર્ગેટ મળ્યો હતો. ભારતીય ટીમે 22.4 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 143 રન કરી 56 બોલ બાકી રાખીને મેચ જીતી લીધી હતી. શાનદાર અને સચોટ બોલિંગ માટે 10 ઓવરમાં 22 રન આપી 2 વિકેટ લેનાર ભારતીય ફાસ્ટ બોલર અંશુલ કંબોજને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડ તરફથી વિલ યંગે 11 બોલમાં 9 રન, ટિમ સેઈફર્ટે 43 બોલમાં 38 રન, હેનરી નિકોલ્સે 11 બોલમાં 9 રન, ડેરિલ મિશેલે 41 બોલમાં 28 રન અને કેપ્ટન



જેમિસને 6 બોલમાં 1 રન કર્યા હતા. જેકોબ ડફી 21 બોલમાં 15 રને અણનમ રહ્યો હતો. 11માં ક્રમાંકે આવેલા બ્લેયર ટિકનરે 23 બોલમાં 34 રન ફટકાર્યા હતા. 13 એક્સ્ટ્રા રન સાથે ન્યૂઝીલેન્ડની ટીમ 40.2 ઓવરમાં 185 રને ઓલઆઉટ થઈ હતી. ભારત તરફથી અર્શદિપ સિંહે દમદાર પ્રદર્શન કરીને 10 ઓવરમાં 70 રન આપી 4 વિકેટ ઝડપી હતી. અંશુલ કંબોજે 10 ઓવરમાં 2 મેડન સાથે 22 રન આપી 2 વિકેટ અને ગુરનૂર બ્રારે 9.2 ઓવરમાં 44 રન આપી 3 વિકેટ ઝડપી હતી. આકિબ નબીએ 6 ઓવરમાં 33 રન અને અક્ષર પટેલે 5 ઓવરમાં 12 રન આપ્યા હતા, બંનેને કોઈ વિકેટ મળી ન હતી. ટોમ લેથમે 11 બોલમાં 3 રન બનાવ્યા હતા. ગ્લેન ફિલિપ્સે 51 બોલમાં 30 રન, મિચેલ સેંટનરે 16 બોલમાં 4 રન, નાથન સ્મિથે 9 બોલમાં 1 રન અને કાયલ

પ્રસિદ્ધ કિષ્ના ફિટ જાહેર, ત્રણેય ફોર્મેટ રમવા તૈયાર

નવી દિલ્હી

ભારતીય ઝડપી બોલર પ્રસિદ્ધ કિષ્નાને BCCIના સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE)એ ફિટ જાહેર કર્યો છે. બેંગલુરુમાં 1 અને 2 નવેમ્બરે યોજાયેલી મેચ સિમ્યુલેશન ટેસ્ટમાં સફળ રહ્યા બાદ મેડિકલ ટીમે તેને મેદાન પર કમબેકની મંજૂરી આપી છે.

હવે તે ટેસ્ટ, વન-ડે અને T20 ત્રણેય ફોર્મેટ રમવા માટે ફિટ છે. જોકે, ફિટ હોવા છતાં પ્રસિદ્ધ ન્યૂઝીલેન્ડ સામે 4 નવેમ્બરથી શરૂ થનારી પાંચ મેચની વન-ડે સિરીઝમાં નહીં રમે. તેઓ ટૂંક સમયમાં ન્યૂઝીલેન્ડ જવા રવાના થઈ શકે છે, જ્યાં 7 નવેમ્બરથી ઈન્ડિયા-A અને ન્યૂઝીલેન્ડ-A વચ્ચે રમાનારી ત્રીજી અને અંતિમ અનઑફિશિયલ ટેસ્ટમાં રમવાનો પ્રયાસ કરશે. 30 સપ્ટેમ્બરે હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી. પ્રસિદ્ધને 30 સપ્ટેમ્બરે વેસ્ટ ઇન્ડિઝ સામે ગુવાહાટીમાં રમાયેલી બીજી વન-ડે દરમિયાન ઈજા થઈ હતી. તે મેચમાં માત્ર 5 ઓવર બોલિંગ કરી શક્યો હતો અને ત્યારબાદ મેદાન છોડવું પડ્યું હતું. તપાસમાં તેની હેમસ્ટ્રિંગમાં ઈજા હોવાનું સામે આવ્યું હતું. મેચ સિમ્યુલેશનમાં ખેલાડીને વાસ્તવિક મુકાબલા જેવી પરિસ્થિતિઓમાં પ્રેક્ટિસ કરાવવામાં આવે છે. બોલરના કિસ્સામાં જોવામાં આવે છે કે તે કેટલી ઝડપથી દોડી શકે છે, પૂરી તાકાતથી બોલિંગ કરી શકે છે કે નહીં અને સતત ઓવર કર્યા બાદ શરીર કેવી પ્રતિક્રિયા આપી રહ્યું છે.

61.55ની સરેરાશથી 48 સદી અને 69 અડધી સદી ફટકારી

કોહલીની મોટી સિદ્ધિ, નંબર-3 પર બેટિંગ કરી 13,000 રન ફટકારનાર દુનિયાનો એકમાત્ર બેટર

ઓકલેન્ડ

ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે ન્યુઝીલેન્ડ સામેની વન-ડેમાં વિરાટ કોહલીએ 13,000 રન પૂરા કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. નંબર-3 પર બેટિંગ કરતા આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો છે. તેણે 61.55ની સરેરાશથી 48 સદી અને 69 અડધી સદી ફટકારી છે.

આ સાથે કોહલી સચિન તેંડુલકરના મહા-કીર્તિમાન તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાઈ રહેલી પહેલી વન-ડે મુકાબલામાં વિરાટ કોહલીએ મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો. ભારતીય ક્રિકેટની રન મશીન વિરાટ કોહલીએ કીવી બોલરો સામે 12 રન બનાવતાની સાથે જ વન-ડે



ક્રિકેટમાં એક એવો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે, જેને આજ સુધી ક્રિકેટ ઈતિહાસનો કોઈ પણ દિગ્ગજ બેટ્સમેન સ્પર્શ પણ કરી ન શક્યો. વન-ડે ક્રિકેટમાં નંબર-3ની પોઝિશનને બેટિંગની સૌથી મુશ્કેલ અને મહત્ત્વપૂર્ણ કરોડરજ્જુ માનવામાં આવે છે. આ પોઝિશન પર ઉતરીને વિરાટ કોહલી હવે વનડે ઈતિહાસમાં 13,000 રન પૂરા કરનાર દુનિયાના પહેલા અને એકમાત્ર બેટ્સમેન બની ગયા છે.

આ મેચ પહેલાં વિરાટને આ ઐતિહાસિક આંકડા સુધી પહોંચવા માટે માત્ર 12 રનની જરૂર હતી. જેવો તેણે મેદાન પર પોતાની 12મો રન પૂરા કર્યા, આખું ઈડન પાર્ક સ્ટેડિયમ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું. આ મુકામની આસપાસ પણ દુનિયાનો કોઈ બીજો બેટ્સમેન નજર નથી આવતો. 186 રનના લક્ષ્યનો પીછો કરતા વિરાટે પોતાની ઈનિંગ્સના 13મા બોલ પર જેવો 12મો રન પૂરો કર્યો, તે વન-ડે ક્રિકેટમાં નંબર-3ની પોઝિશન પર 13,000 રન બનાવનાર દુનિયાના પહેલા અને એકમાત્ર બેટ્સમેન બની ગયા.

સચિન તેંડુલકરે જણાવ્યા ટોપ-3 ફેવરિટ કેપ્ટન, ધોની નંબર 1

મધ્ય પ્રદેશ 209 રન પર ઓલઆઉટ; અંગકૃષ રઘુવંશીની સતત ત્રીજી ફિફ્ટી

મુંબઈ

ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે પોતાના ફેવરિટ ટોપ 3 કેપ્ટનની પસંદગી કરી છે. Reddit પર એક સેશનમાં તેમણે જણાવ્યું કે, ભારતીય ટીમનું નેતૃત્વ કરવું સન્માનની વાત હતી, પરંતુ 1990ના દાયકામાં સંપૂર્ણ ટીમ પસંદ કરવાની આઝાદી નહોતી. સચિને સૌરવ ગાંગુલી અને MS ધોનીને પોતાના મનપસંદ કેપ્ટન ગણાવ્યા. તેમણે દક્ષિણ આફ્રિકાના ટેમ્બા બાવુમાના જુસ્સા અને નેતૃત્વની પણ પ્રશંસા કરી. ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે પોતાના ફેવરિટ ટોપ 3 કેપ્ટનની પસંદગી કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Reddit પર યોજાયેલા એક પ્રશ્નોત્તરી સેશન દરમિયાન સચિને પોતાના કેપ્ટનશીપના સમયગાળા, પોતાના મનપસંદ સુકાનીઓ અને દક્ષિણ આફ્રિકાના ટેસ્ટ કેપ્ટન ટેમ્બા બાવુમાના નેતૃત્વ અંગે ખુલીને વાત કરી હતી. એક યુઝરે સચિનને સવાલ કર્યો હતો કે, 'ભારતીય ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકેનો તમારો અનુભવ કેવો રહ્યો અને આ ભૂમિકામાં ઢળવું તમારા માટે કેટલું મુશ્કેલ હતું? ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં એક કેપ્ટન તરીકે તમે ટેમ્બા બાવુમાને કેવી રીતે મૂલવો છો? તેમજ વ્યક્તિગત રીતે તમને કયા કેપ્ટનની આગેવાની હેઠળ રમવું સૌથી વધુ પસંદ હતું?' આ પ્રશ્નનો ઉત્તર આપતાં સચિને જણાવ્યું કે ભારતીય ટીમનું નેતૃત્વ કરવું



તેમના માટે ખૂબ મોટા સન્માનની વાત હતી. સચિને સ્વીકાર્યું હતું કે તે સમયે તેમને પોતાની મરજી મુજબ સંપૂર્ણ ટીમ પસંદ કરવાની આઝાદી નહોતી મળતી. તેમણે કહ્યું કે 1990 ના દાયકાની સરખામણીમાં આજનું BCCI ઘણું વધારે પ્રોફેશનલ સંગઠન બન્યું છે. તે દોરમાં ભારતીય ક્રિકેટ અત્યંત મુશ્કેલ તબક્કામાંથી પણ પસાર થયું હતું. ઉલ્લેખનીય છે કે સચિન તેંડુલકરે વર્ષ 1996થી 2000 વચ્ચે બે કાર્યકાળમાં ભારત માટે 25 ટેસ્ટ મેચોમાં કેપ્ટનશીપ કરી હતી. માર્ચ 2000માં દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે ટેસ્ટ સીરિઝમાં પરાજય બાદ તેમણે કેપ્ટન પદેથી રાજીનામું આપ્યું હતું અને ફરીથી ક્યારેય કેપ્ટન બનવાનો પ્રસ્તાવ સ્વીકાર્યો નહોતો.

દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા વિશે સચિન તેંડુલકરે દિલ ખોલીને વખાણ કર્યા હતા: 'હું ટેમ્બા બાવુમાના જુસ્સાની સાચા અર્થમાં ખૂબ પ્રશંસા કરું છું. તેણે આગળ આવીને ટીમનું નેતૃત્વ સંભાળ્યું છે અને દક્ષિણ આફ્રિકન ક્રિકેટ માટે શાનદાર પરિણામો આપ્યા છે. દક્ષિણ આફ્રિકાનું ICC ટાઇટલ જીતવું એ વિશ્વ ક્રિકેટ માટે ઘણી સારી બાબત છે. પોતાની કરિયરમાં શ્રેષ્ઠ સુકાનીઓ હેઠળ રમવાના અનુભવ અંગે સચિન તેંડુલકરે સૌરવ ગાંગુલી અને એમએસ ધોનીના નેતૃત્વને સર્વોચ્ચ ગણાવ્યું હતું.

બિઝનેસ

1 કિલો ઘી ₹50 વધીને ₹680નું થયું

દિવાળી પહેલાં જ અમુલે ઘીના ભાવ વધાર્યા

મુંબઈ

અમૂલે ઘી અને બટર 3થી 50 સુધી મોંઘાં કરી દીધાં છે. 1 કિલો ઘીના કાર્ટનની કિંમત 630થી વધીને 680 થઈ ગઈ છે. બટરના 100 ગ્રામ પેકની કિંમત 63થી વધીને 66 થઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ભાવ વધવાનું કારણ ગુજરાત-રાજસ્થાનમાં નકલી ઘી વિરુદ્ધ કાર્યવાહી બાદ બ્રાન્ડેડ ઘીની વધેલી માગ છે. આથી સપ્ટેમ્બર 2025માં થયેલા GST ઘટાડાનો લાભ પણ ઘણો ઓછો થઈ ગયો છે. સપ્ટેમ્બર 2025માં GST દર ઘટ્યા બાદ અમૂલે 700 ડેરી પ્રોડક્ટ્સના ભાવ ઘટાડ્યા હતા. ડેરી પ્રોડક્ટ્સ પર GST 12%થી ઘટાડીને 5% કરવામાં આવ્યો હતો. તે સમયે 1 લીટર ઘીના કાર્ટનની કિંમત 650થી ઘટીને 610 થઈ ગઈ હતી. 5



લીટરનું ટિન 3,275થી ઘટીને 3,075 થઈ ગયું હતું. બટરના 100 ગ્રામ પેકની કિંમત 62થી ઘટીને 58 થઈ ગઈ હતી. 500 ગ્રામનું પેક 305થી ઘટીને 285નું થયું હતું. ભાવ વધવાની સાથે લોકોને અમૂલના કેટલાક ડેરી પ્રોડક્ટ્સ મેળવવામાં પણ મુશ્કેલી પડી રહી છે. વડોદરા અને અમદાવાદના દુકાનદારોએ જણાવ્યું કે ઘીનો સ્ટોક ઓછો થઈ રહ્યો છે. ગણેશોત્સવ બાદ માગ વધવાને કારણે કાઉ ઘીની ઉપલબ્ધતા પ્રભાવિત થઈ છે. મંગળવારે અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલા એક ડી-માર્ટ આઉટલેટમાં અમૂલ ઘી અને બટરનો સ્ટોક નહોતો. આ મુશ્કેલી માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. જુલાઈ અને સપ્ટેમ્બરમાં પુણે અને કોલકાતામાં પણ સપ્લાય અટકવાની ફરિયાદો સામે આવી હતી. અમૂલ સાથે જોડાયેલા એક સહકારી નેતાએ જણાવ્યું કે ગુજરાત અને રાજસ્થાનમાં નકલી ઘી વિરુદ્ધ થયેલી મોટી કાર્યવાહીનું કારણ બનતાં બ્રાન્ડેડ ઘીની માગ અચાનક ખૂબ વધી ગઈ છે. છેલ્લા 6 મહિનામાં બંને રાજ્યોના વિવિધ વિસ્તારોમાંથી આશરે 2 લાખ કિલો નકલી ઘી જપ્ત કરવામાં આવ્યું છે. નકલી ઘી વિરુદ્ધ થયેલી આ કાર્યવાહી બાદ લોકોનો અમૂલ જેવી બ્રાન્ડ્સ પર વિશ્વાસ વધ્યો છે અને તેમણે બ્રાન્ડેડ ઘી ખરીદવાનું શરૂ કર્યું છે. તેમણે એમ પણ જણાવ્યું કે વર્ષ દરમિયાન કુલ જેટલું ઘી વેચાય છે, તેનો આશરે 45% હિસ્સો એકલા તહેવારોની સિઝનમાં જ વપરાય છે.

વેપાર કરાર બાદ આયાત ડ્યૂટી 150%થી ઘટીને 75% થઈ

ભારતમાં બ્રિટનથી બલ્ક સ્કોચ-વિસ્કીની આયાત 1000% વધી

આયાત ડ્યૂટીમાં ઘટાડાને કારણે કંપનીઓએ મોટા શિપમેન્ટ મંગાવવાનું શરૂ કર્યું છે. ભારત-યુકેનો ટ્રેડ એગ્રીમેન્ટ 15 જુલાઈ 2026થી અમલમાં આવ્યો હતો

મુંબઈ

ભારત અને બ્રિટન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)ના અમલ બાદ દેશમાં બલ્ક સ્કોચ વ્હિસ્કીની આયાત રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. ઓગસ્ટ 2026માં બલ્ક સ્કોચ વ્હિસ્કીની આયાત વાર્ષિક ધોરણે આશરે 1,000% વધીને 12.39 મિલિયન ડોલર એટલે કે 117 કરોડ રૂપિયા રહી હતી. આયાત ડ્યૂટી 150%થી ઘટીને 75% થઈ આયાત ડ્યૂટીમાં ઘટાડાને કારણે કંપનીઓએ મોટા શિપમેન્ટ મંગાવવાનું શરૂ કર્યું છે.

ભારત-યુકેનો ટ્રેડ એગ્રીમેન્ટ 15 જુલાઈ 2026થી અમલમાં આવ્યો હતો. આ હેઠળ પાત્ર સ્કોચ વ્હિસ્કી પર આયાત ડ્યૂટી 150%થી ઘટાડીને 75% કરવામાં આવી છે. આ ટેરિફમાં ઘટાડા બાદ જ બલ્ક શિપમેન્ટમાં આટલો ઝડપી વધારો



જોવા મળ્યો છે. 2 લિટરથી વધુ ક્ષમતા ધરાવતા કન્ટેનરમાં સ્કોચ વ્હિસ્કીની આયાત આશરે 679% વધીને 2.5 મિલિયન એટલે કે 25 લાખ લિટર પર પહોંચી ગઈ છે, જે એક વર્ષ અગાઉ આ જ સમયગાળામાં 3.20 લાખ લિટર હતી. તેનાથી સ્પષ્ટ થાય છે કે આ વૃદ્ધિ માત્ર કિંમતોને કારણે નહીં, પરંતુ આયાતમાં થયેલા વધારાને કારણે થઈ છે.

નાની બોટલોમાં આયાત 30% ઘટી બલ્ક શિપમેન્ટથી વિપરીત, 2 લિટર અથવા તેનાથી ઓછી ક્ષમતાવાળા કન્ટેનરો (બોટલ)માં સ્કોચ વ્હિસ્કીની આયાતમાં ઘટાડો નોંધાયો. ઓગસ્ટમાં આ કેટેગરીની આયાત વાર્ષિક ધોરણે 30% ઘટીને 3.08 મિલિયન ડોલર એટલે કે 29 કરોડ રૂપિયા રહી, જે ગયા વર્ષે 4.39 મિલિયન ડોલર એટલે કે 41 કરોડ રૂપિયા હતી. તેની આયાતનું વોલ્યુમ પણ 30% ઘટીને 5,71,449 યુનિટ્સથી 402,507 યુનિટ્સ પર આવી ગયું છે. આથી જાણવા મળે છે કે ટેરિફમાં ઘટાડાની શરૂઆતની અસર નાની બોટલોની તુલનામાં બલ્ક શિપમેન્ટ પર વધુ પડી છે.

નાણાકીય વર્ષ 2027ના પ્રથમ 5 મહિનામાં 349%ની વૃદ્ધિ નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ 5 મહિનામાં બલ્ક સ્કોચ વ્હિસ્કીની આયાત ગયા વર્ષની સમાન અવધિની તુલનામાં આશરે 349% વધી છે. યુકેથી માત્ર સ્કોચ જ નહીં, પરંતુ અન્ય સ્પિરિટ્સની આયાતમાં પણ વધારો થયો છે. 2 લિટર અથવા તેનાથી ઓછા કન્ટેનરમાં જિનની આયાત ઓગસ્ટમાં 150% વધીને 0.84 મિલિયન ડોલર એટલે કે 8 કરોડ રૂપિયા થઈ હતી.

CEOએ કહ્યું- 13 વર્ષના ઇતિહાસનો સૌથી મુશ્કેલ સમય

કેનવા 1,271 કર્મચારીઓને નોકરીમાંથી કાઢશે: 22% સ્ટાફ પર અસર પડી

મુંબઈ

ઓનલાઈન ડિઝાઈન અને પબ્લિશિંગ પ્લેટફોર્મ કેનવાએ પોતાના વર્કફોર્સમાં 22%થી વધુનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. કંપનીના આ નિર્ણયથી ઓછામાં ઓછા 1,271 કર્મચારીઓની નોકરી જશે, તેમની ભૂમિકા બદલાશે અથવા તેમને સેન્ટ્રલ હબ્સમાં રિલોકેટ કરવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના કારણે ઓસ્ટ્રેલિયાની આ જાણીતી ટેક કંપનીમાં આ મોટો ફેરફાર થઈ રહ્યો છે. 13 વર્ષના ઇતિહાસનો સૌથી મુશ્કેલ સમય કેનવાની ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) મેલાની પર્કિન્સે કર્મચારીઓને મોકલેલી એક નોંધમાં જણાવ્યું કે સિડની સ્થિત આ



કંપનીની વૃદ્ધિ એક દાયકામાં પહેલીવાર ધીમી પડી છે. તેમણે આ પુનર્ગઠનને કંપનીના 13 વર્ષના ઇતિહાસનો સૌથી મુશ્કેલ સમય ગણાવ્યો છે.

પર્કિન્સે લખ્યું કે નવી ટેક્નોલોજી લોકોની સર્જન કરવાની રીત અને તેમની અપેક્ષાઓ બદલી રહી છે. હું આ મુશ્કેલ નિર્ણય પર પહોંચી છું કે નાના ફેરફારો પૂરતા નહીં થાય. નવી AI ટેક્નોલોજીની અસર: એન્થ્રોપિકના 'ક્લોડ' જેવા નવા AI ટૂલ્સ આવવાથી લોકો કોઈ ખાસ પ્રોગ્રામ વિના પોતાનું કામ કરી રહ્યા છે. ઓછા કર્મચારીઓની જરૂરિયાત: કંપનીઓ હવે ઓછા કર્મચારીઓ સાથે કામ ચલાવવા માટે AIનો સહારો લઈ રહી છે. વેલ્યુએશનમાં ઘટાડાની ચિંતા: રોકાણકારોને ડર છે કે નવી ટેક્નોલોજી આ કંપનીઓના વ્યવસાયને નુકસાન પહોંચાડી શકે છે, જેના કારણે સોફ્ટવેર ઉદ્યોગની કિંમતમાં અબજો ડૉલરનો ઘટાડો થયો છે.

ધનતેરસ પહેલાં સોના-ચાંદીના ભાવ ઉછળ્યા

- **સોનું ₹3,486 વધીને ₹1.41 લાખ પહોંચ્યું, ચાંદી પણ મોંઘી થઈ; ગોલ્ડમાં એકસાથે રોકાણ ન કરવાની એક્સપર્ટની સલાહ**

મુંબઈ

સેન્સેક્સ આજે એટલે કે 3 નવેમ્બરે 1,225 અંક (1.62%)ના ઉછાળા સાથે 76,918 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 370 અંક (1.58%)નો ઉછાળો રહ્યો અને તે 23,811 પર પહોંચી ગયો. આજે ઓટો, FMCG અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. આ પહેલાં ગઈકાલે એટલે કે 2 નવેમ્બરે પણ બજારમાં તેજી રહી હતી. સેન્સેક્સ 1,233 અંક વધીને 75,693 પર બંધ થયો હતો. નિફ્ટી 388 અંક વધીને 23,440 પર બંધ થયો હતો. બજારમાં તેજીના 2 કારણો 1. વિદેશી અને સ્થાનિક રોકાણકારોની ખરીદી: લાંબા સમયથી વેચવાલી કરી રહેલા વિદેશી રોકાણકારો (FIIs)એ સોમવારે 3,115 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. આ ખરીદીને કારણે બજારને મજબૂત ટેકો મળ્યો.

2. કાચા તેલની કિંમતોમાં થોડી રાહત: બ્રેન્ટ ક્રૂડ ઑઇલની કિંમત ઘટીને 105 ડૉલર પ્રતિ બેરલ પર આવી ગઈ. ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું કાચું તેલ વિદેશથી આયાત કરે છે. તેલની કિંમતોમાં આ ઘટાડો બજાર માટે સકારાત્મક રહ્યો. વેસ્ટવોટર ટ્રીટમેન્ટ સોલ્યુશન્સ આપતી કંપની SFC એન્વાયરમેન્ટ ટેક્નોલોજીઝ લિમિટેડના શેર 330 રૂપિયાના ઇશ્યૂ પ્રાઇસની સરખામણીએ આશરે 8% પ્રીમિયમ સાથે લિસ્ટ થયા.

અમદાવાદના ભૂદરપુરામાં તંત્રનો અમાનવીય અત્યાચાર : 9 ઓક્ટોબરના રોજ થયેલા વિવાદાસ્પદ ડિમોલિશન બાદ

બેઘર બનેલા ગરીબો કાટમાળ વચ્ચે નરકભર્યું જીવન જીવવા મજબૂર!!!



સ્ટે ઓર્ડર હોવા છતાં ગરીબોના આશરા છીનવી લેનાર બાબુઓ સામે ઘાતક આક્રોશ

અમદાવાદ

અમદાવાદ શહેરના વિકાસના દાવાઓ વચ્ચે એક અત્યંત કાળજું કંપાવનારી અને તંત્રની ક્રૂરતા ઉજાગર કરતી ઘટના સામે આવી છે. અમદાવાદના પશુપાલકો અને શ્રમિકો વસતા ભૂદરપુરા વિસ્તારમાં ગત ૯ ઓક્ટોબરના રોજ અચાનક ત્રાટકેલી ડિમોલિશનની ટીમે ગરીબોના માથેથી છત છીનવી લીધી હતી. આ ડિમોલિશન બાદ સ્થિતિ દિવસેને દિવસે અત્યંત વણસતી ગઈ છે. હાલ આ પરિવારો કાટમાળ વચ્ચે જીવના જોખમે રહેવા મજબૂર બન્યા છે, જ્યાં ન તો પીવાનું પાણી છે, ન લાઈટ છે અને ન તો માથે કોઈ આશરો છે. તંત્રના ખોટા વચનો અને બાબુઓની ઉડાઉ નીતિ સામે હવે પ્રજામાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

આ અમાનવીય પરિસ્થિતિનો ભોગ બનેલા અસહાય લોકો ન્યાયની આશા સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યા હતા. મુખ્યમંત્રીએ તેમને આશ્વાસન આપ્યું હતું કે, 'તમને રસ્તે રઝળવા નહીં દઈએ,' અને મેયરને મળવા કહ્યું હતું. ત્યારબાદ પીડિતો અમદાવાદના મેયર હિતેશ બારોટને મળ્યા ત્યારે તેમણે પણ આશરો મળી જશે તેવી દિલાસો આપ્યો હતો અને નાયબ કમિશનરને મળવા મોકલ્યા હતા.

પરંતુ, જવાબદાર તંત્રની વાસ્તવિકતા ત્યારે ખુલ્લી પડી જ્યારે નાયબ કમિશનરે અત્યંત સંવેદનહીન અને તાનાશાહી અંદાજમાં એવું કહી દીધું કે, 'તમે પુરાવા આપો તો કામ થાય, બાકી તમને રાખવા અમારી પાસે આ મોટા અમદાવાદ શહેરમાં જગ્યા નથી!'

સવાલ એ ઊભો થાય છે કે જ્યારે વહીવટી તંત્ર અચાનક પોલીસ ફોર્સ સાથે બુલડોઝર લઈને ત્રાટકે, ત્યારે કયા ગરીબ પરિવાર પાસે પોતાના દસ્તાવેજો સાચવવાનો સમય હોય છે? અચાનક થયેલા આ ડિમોલિશનમાં આ તમામ ગરીબોના ઘરવખરી અને જરૂરી પુરાવાઓ કાટમાળ નીચે દટાઈને નાશ પામ્યા છે. જે થોડા-ઘણા કાગળો કે પુરાવાઓ બચ્યા છે, તેને લઈને આજે આ અસહાય લોકો દિવાળીના પવિત્ર તહેવાર ટાણે પણ માથે છત મેળવવા માટે સરકારી કચેરીઓના ઉંબરે ધક્કા ખાવા મજબૂર બન્યા છે.

સ્ટે ઓર્ડર હોવા છતાં ડિમોલિશન કરનાર સરકારી બાબુઓ સામે કડક કાર્યવાહીની માંગ

સૂત્રો અને સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ મકાનો કે જગ્યા બાબતે અદાલતનો 'સ્ટે ઓર્ડર' (Stay Order) હોવા છતાં પણ તેને નેવે મૂકીને તંત્ર દ્વારા આ ગેરકાયદેસર અને ઘાતક ડિમોલિશન કરવામાં આવ્યું હતું. કાયદાની ધજાગી ઉડાડનાર અને ગરીબોના રોજી-રોટી તેમજ આશરો છીનવી લેનાર આ બેજવાબદાર સરકારી બાબુઓ સામે અત્યારે લોકોમાં ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.

દિવાળીના દીવા પ્રગટાવવાના ટાણે ભૂદરપુરાના આ ગરીબ પરિવારો અંધારામાં અને ખુલ્લા આકાશ નીચે ઠંડીમાં દિવસો વિતાવી રહ્યા છે. ત્યારે સ્થાનિક જનતા અને પીડિતો ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ અને દેશના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સમક્ષ હાથ જોડીને આર્તનાદ કરી રહ્યા છે કે, 'અમિત શાહ સાહેબ, આ પ્રજાએ જ તમને મત આપીને જીતાડ્યા છે, આજે આ ગરીબો મુસીબતમાં છે તો તમે જ અમારી મદદે આવો.'

સરકાર અને તંત્રના સત્તાધીશો જો ખરેખર પ્રજાના સેવક હોવાનો દાવો કરતા હોય, તો તાત્કાલિક ધોરણે આ પીડિતોને વૈકલ્પિક આશરો પૂરો પાડે અને સ્ટે ઓર્ડર છતાં ડિમોલિશન કરનાર દોષિત અધિકારીઓ સામે કડક કાનૂની દાખલો બેસાડે તેવી લોકઉરમાંથી જોરદાર માંગ ઉઠી રહી છે.

બેરલ માર્કેટમાં સન્નાટો અને ભયનો માહોલ

સરકારી જમીન અને TP સ્કીમના નામે ગરીબોના આશરા પર બુલડોઝરનું જોખમ

અમદાવાદ

અમદાવાદના બેરલ માર્કેટ વિસ્તારમાં રહેતા સેંકડો સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોના મનમાં આજે એક જ ભય અને સળગતો સવાલ ઘૂમરાઈ રહ્યો છે - 'શું આપણી જિંદગીભરની કમાણીથી ખરીદેલું ઘર કાલે સવારે જમીનદોસ્ત થઈ જશે?'

સરકારી જમીન, ટીપી સ્કીમ (TP Scheme) અને રસ્તા પહોળા કરવાના નામે જો ભવિષ્યમાં બહેરાલ માર્કેટના મકાનો પર તંત્રનું બુલડોઝર ફરે, તો આ નિરાધાર બનનારા પરિવારોનું શું થશે? જે બિલ્ડરોએ મકાન વેચીને કરોડો રૂપિયા કમાઈ લીધા અને જે તંત્ર આંખો બંધ કરીને તમાશો જોતું રહ્યું, તે આજે જનતાના સવાલોથી કેમ ભાગી રહ્યા છે?

આજે બહેરાલ માર્કેટનો નાગરિક પોતાની પરસેવાની કમાણી દાવ પર લાગ્યા બાદ બિલ્ડરો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સામે આકરા સવાલો પૂછી રહ્યો છે:

૧. બિલ્ડરોની દગાબાજી: શું બિલ્ડરોએ જ્યારે લોકોને આ મકાનો વેચ્યા, ત્યારે જમીનની ખરી વાસ્તવિકતા અને સરકારી રેકોર્ડની પૂરી જાણકારી આપી હતી કે પછી અંધારામાં રાખીને લાખો રૂપિયા પચાવી પાડ્યા?

૨. TP સ્કીમનું સત્ય છુપાવ્યું?: મકાન ખરીદનારા નિર્દોષ લોકોને શું પહેલાં જણાવવામાં આવ્યું હતું કે આ જમીન ભવિષ્યની ટીપી સ્કીમ કે રસ્તાના કપાતમાં આવે છે?

૩. પુનર્વસનની જવાબદારી કોની?: જો આવનારા સમયમાં સરકારી નોટિસ આપીને આ મકાનો તોડી પાડવામાં આવશે, તો શું આ લોભી બિલ્ડરો અસરગ્રસ્ત પરિવારોને સામે બીજાં મકાન કે વળતર આપશે?

૪. જીવનભરની કમાણીનું શું?: એક સામાન્ય માણસ પોતાની આખી જિંદગીની મહેનત અને કમાણી એક છત મેળવવામાં લગાવી દે છે, જો એ ઘર જ છીનવાઈ જાય તો તેની જવાબદારી કોની?

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે આગામી 9 નવેમ્બરે

109.12 કરોડના ખર્ચે નિર્મિત 200 MLD જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ

અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને શુદ્ધ, પર્યાપ્ત અને અવિરત પીવાનું પાણી પૂરું પાડવાની દિશામાં વધુ એક ઐતિહાસિક અને પ્રગતિશીલ કદમ મંડાયું છે.



ગુજરાતના લોકલાડીલા અને ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ તેમજ દેશના કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહના વરદહસ્તે આગામી તા. ૦૯-૧૧-૨૦૨૬ના રોજ જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે અંદાજે રૂ. ૧૦૯.૧૨ કરોડના જંગી ખર્ચે તૈયાર થયેલા અત્યાધુનિક ૨૦૦ એમ.એલ.ડી. (Million Litres per Day) ક્ષમતાના નવા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવશે.

આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટના લોકાર્પણને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે તૈયારીઓને આખરી ઓપ આપવા અને વ્યવસ્થાઓનું જાતનિરીક્ષણ કરવા માટે અમદાવાદના મેયર હિતેશ બારોટ દ્વારા જાસપુર ખાતે આવેલા ૨૦૦ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. આ ઉચ્ચસ્તરીય મુલાકાત દરમિયાન તેમની સાથે વોટર સપ્લાય અને સુએરેજ કમિટીના ચેરમેન ધરમશી દેસાઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા કરી હતી.

સ્થાનિકો અને રાહદારીઓ ત્રાહિમામ

મેઘાણીનગર રામેશ્વર ચાર રસ્તા પર ખાનગી ટ્રાવેલ્સ બસચાલકોનો બેફામ આતંક

અમદાવાદ

અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં આવેલા રામેશ્વર ચાર રસ્તા ખાતે કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમોના સરેઆમ ધજાગરા ઉડી રહ્યા છે. રામેશ્વર ચાર રસ્તા પર ખાનગી ટ્રાવેલ્સ બસોના આડેધડ પાર્કિંગ અને બેફામ ડ્રાઈવિંગના કારણે સ્થાનિક વાહનચાલકો, વેપારીઓ અને રાહદારીઓ છેલ્લા ઘણા વર્ષોથી નરક જેવી યાતના ભોગવવા મજબૂર બન્યા છે. ચાર રસ્તા પર દિવસ-રાત ટ્રાફિક પોલીસની હાજરી હોવા છતાં આ ટ્રાવેલ્સ બસચાલકો સામે કોઈ કડક કે નક્કર કાર્યવાહી ન થતાં તંત્ર અને પોલીસની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. મેઘાણીનગરનો રામેશ્વર ચાર રસ્તો એ અત્યંત ગીચ અને સતત ધમધમતો પોઈન્ટ છે. ખાનગી ટ્રાવેલ્સ બસના ચાલકો અને ઓપરેટરો પેસેન્જરો બેસાડવાની લહાયમાં રસ્તાની વચ્ચે જ આડેધડ બસો ખડકી દે છે. આ દાદાગીરીના કારણે:

પીક અવર્સ દરમિયાન નાના વાહનચાલકો અને રાહદારીઓને આ ચાર રસ્તા પરથી પસાર થવામાં કલાકો સુધી અટવાઈ રહેવું પડે છે.

મોટી ટ્રાવેલ્સ બસોના કારણે બ્લાઈન્ડ સ્પોટ ઊભા થાય છે, જેનાથી અવારનવાર નાના અકસ્માતો સર્જાય છે અને સ્થાનિકોના જીવ તાળવે ચોંટી જાય છે. સ્થાનિક નાગરિકોમાં એ વાતનો ભારે રોષ છે કે ચાર રસ્તા પર હપ્તાખોરી કે લાપરવાહીના કારણે ટ્રાફિક પોલીસ કર્મચારીઓ માત્ર 'શોભાના ગાંઠિયા' બનીને ઉભા રહે છે.

જ્યારે સામાન્ય નાગરિક હેલ્મેટ વગર કે નજીવા વાંકમાં પકડાય ત્યારે તેની પાસેથી દંડ વસૂલવામાં એક સેકન્ડનો વિલંબ નથી કરાતો, તો પછી આ રસ્તા રોકીને ઉભેલી રાક્ષસી ટ્રાવેલ્સ બસો સામે પોલીસના હાથ કેમ હેઠા પડી જાય છે?

શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે?: રામેશ્વર ચાર રસ્તા પર કોઈ માસૂમનો બસ નીચે કચડાઈને જીવ જશે, ત્યારે જ શું સરકારી બાબુઓની આંખ ખુલશે?

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ના સળગતા સવાલો : રામેશ્વર ચાર રસ્તા પરથી ગેરકાયદેસર રીતે બસો ઊભી રાખતા ટ્રાવેલ્સ ઓપરેટરો સામે પોલીસ લાલ આંખ ક્યારે કરશે?

ચોરીના ઇરાદે ઘૂસેલો પ્રકાશ કાબરા નામના કુખ્યાત ચોરને પોલીસે રંગે હાથ દબોચી લીધો

અમદાવાદ

અમદાવાદ શહેરના સીમાડે આવેલા કણભા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની કડક સ્થિતિ વચ્ચે પોલીસ દ્વારા અસામાજિક તત્વો અને તસ્કરો સામે લાલ આંખ કરવામાં આવી છે. કણભા વિસ્તારમાં બંધ મકાનો કે દુકાનોને નિશાન બનાવીને ચોરીનો ઘાતક પ્રયાસ કરનાર એક ચાલાક તસ્કરને પોલીસે સકંજામાં લીધો છે. ચોરીના ઇરાદે ફરેલા પ્રકાશ કાબરા નામના આ શખ્સની પોલીસે ધરપકડ કરીને તેની પાસેથી ચોરીના સાધનો અને વાહન જપ્ત કરી મોટો પર્દાફાશ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કણભા પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલિંગ અને વોચમાં હતી તે દરમિયાન આ શંકાસ્પદ હિલચાલ કરનાર પ્રકાશ કાબરા પોલીસના ધ્યાને ચઢ્યો હતો. પોલીસે તેની તલાશી લેતા અને સઘન પૂછપરછ કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. તસ્કરે ચોરીને અંજામ આપવા માટે અગાઉથી જ પૂરી તૈયારી કરી રાખી હતી.

અમદાવાદમાં હાઇડ્રોપોનિક ગાંજાના કાળો કારોબારનો પર્દાફાશ

કૃષ્ણનગર પોલીસની સર્જિકલ સ્ટ્રાઇક, લાખોનો મુદ્દામાલ જપ્ત!

અમદાવાદ

અસામાજિક અને નશાના દૂષણ સામે અમદાવાદ પોલીસે લાલ આંખ કરી છે. સામાન્ય રીતે મળતા પરંપરાગત ગાંજા કરતાં સાવ અલગ અને અત્યંત ખતરનાક ગણાતા હાઇડ્રોપોનિક ગાંજાના હાઇટેક નેટવર્ક પર કૃષ્ણનગર પોલીસે ત્રાટકીને મોટી સફળતા મેળવી છે. શહેરમાં નશાનો કાળો કારોબાર ચલાવતા તત્વો સામે પોલીસે સકંજો કસ્યો છે.

પોલીસ તરફથી મળતી સત્તાવાર વિગતો અનુસાર, કૃષ્ણનગર વિસ્તારમાં આવેલ પ્રબુદ્ધ આશ્રમ કેનાલ ચાર રસ્તા અને ક્રિષ્ના એલીગન્સના બી-101 નંબરના મકાનમાં ચાલી રહેલી શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ ખાસ કાર્યવાહી દરમિયાન પોલીસે 54.180 ગ્રામ હાઇડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે. આ સાથે જ નશાના વેપારમાં વપરાતા 3 મોબાઈલ ફોન અને માલ જોખવા માટેનો 1 પોકેટ વજનકાંટો પણ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસે દરોડા દરમિયાન કુલ 2 લાખ 19 હજાર 830 રૂપિયાનો મુદ્દામાલ સીઝ કર્યો છે. જેમાં 1 લાખ 89 હજાર 630 રૂપિયાની કિંમતનો ઉચ્ચ ગુણવત્તા ધરાવતો હાઇડ્રોપોનિક ગાંજો, 30 હજાર રૂપિયાની કિંમતના 3 મોબાઈલ ફોન અને 200 રૂપિયાનો પોકેટ વજનકાંટો શામેલ છે. આ હાઈટેક નશાકારક પદાર્થ સાથે ઝડપાયેલા આરોપીઓમાં સંદીપકુમાર વર્મા, પ્રદીપ આનંદસિંહ રાજપૂત અને બંટી રમેશચંદ્ર મીરચંદાનીના નામો ખુલ્લા પડ્યા છે. આ ત્રણેય ઈસમો સામે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ (NDPS) એક્ટની કલમ 8(સી), 20(બી)(ii)(એ) અને 29 હેઠળ ગંભીર ગુનો નોંધી કાયદેસરની ધડપકડ કરવામાં આવી છે. હવે આ સમગ્ર મામલે કેટલાક સળગતા સવાલો ઊભા થઈ રહ્યા છે. આ મોંઘો અને ખતરનાક હાઇડ્રોપોનિક ગાંજો અમદાવાદમાં છેક ક્યાંથી ઘુસાડવામાં આવ્યો હતો? શું આ રેકેટ પાછળ કોઈ મોટું આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કાર્ટેલ કામ કરી રહ્યું છે? આ હેરાફેરીમાં શહેરના અન્ય કયા કયા સફેદપોશ કે ગુનાહિત માનસ ધરાવતા લોકોની સંડોવણી છે? અને સૌથી મહત્ત્વનો સવાલ એ કે આ નશાના નેટવર્કના છેક મૂળ સુધી પહોંચીને પોલીસ આ કારોબારનો ક્યારે ખાતમો બોલાવશે?

સંક્ષીપ્ત સમાચાર

બોડકદેવના વેપારી સાથે 120 કરોડની જમીનમાં ₹.58.9 કરોડની મસમોટી છેતરપિંડી

અમદાવાદ શહેર ફરી એકવાર હાઈપ્રોફાઈલ લેન્ડ ગ્રેબિંગ અને છેતરપિંડીના મોટા કૌભાંડથી ધ્રૂજી ઉઠ્યું છે. શહેરના પોશ વિસ્તાર ગણાતા બોડકદેવના એક અગ્રણી વેપારી સાથે આચરવામાં આવેલી ઠગાઈનો પર્દાફાશ થતાં રીઅલ એસ્ટેટ આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સરખેજ-ઓકાફ ફતેહવાડી વિસ્તારમાં આવેલી કરોડો રૂપિયાની કિંમતી વડીલોપાર્જિત જમીનનો વિવાદ ઉકેલવાના બહાને પાવર ઓફ એટર્ની મેળવી લઈને, વેપારી પરિવારના રૂ. ૫૮.૯ કરોડ દબાવી દેનાર ત્રણ કુખ્યાત બિલ્ડરો વિરુદ્ધ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઈકોનોમિક ઓફન્સ વિંગ (EOW) દ્વારા ગુનો નોંધીને કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બોડકદેવના આ વેપારી પરિવાર પાસે સરખેજ-ઓકાફ ફતેહવાડી ખાતે આશરે ૫૬,૦૦૦ ચોરસ વાર જેટલી વિશાળ અને મૂલ્યવાન વડીલોપાર્જિત જમીન આવેલી હતી.

આ જમીનની બજાર કિંમત આશરે રૂ. ૧૨૦ કરોડ જેટલી અંકાય છે. જો કે, આ જમીનનો કબજો સરળ ન હતો કારણ કે તેના કેટલાક ભાગો પર ભાડૂઆતો અને અન્ય ઈસમોનો ગેરકાયદે કબજો જામ્યો હતો. એટલું જ નહીં, વેપારીના કાકા અને તેમના પુત્રો દ્વારા પણ આ મિલકતો પર હક્ક દાવો કરવામાં આવતા માલિકી અને કબજાને લઈને પારાવાર કાનૂની વિવાદો ઊભા થયા હતા.

35થી વધુ ગુનાઓ આચરનાર કુખ્યાત ઘરફોડ ચોર આખરે સકંજામાં

અમદાવાદ શહેરમાં ચોરી અને ઘરફોડના વધતા બનાવો વચ્ચે પોલીસ પ્રશાસન દ્વારા અપાયેલી કડક કાર્યવાહીના ભાગરૂપે એક મોટી સફળતા હાથ લાગી છે.

શહેરના મધ્ય ભાગમાં આવેલા ઐતિહાસિક ખાડિયા વિસ્તારની રાયપુર સિદ્ધિની પોળમાં બનેલી ઘરફોડ ચોરીની ગંભીર ઘટનાનો LCB ઝોન-૩ ની સતેજ અને ચુકાસ ટીમ દ્વારા ગણતરીના જ કલાકોમાં પર્દાફાશ કરી દેવામાં આવ્યો છે. બંધ મકાનને પોતાના નિશાન બનાવીને લાખોની રોકડ અને કિંમતી ચીજવસ્તુઓ ચોરી કરી ફરાર થઈ જનાર લાલજીભાઈ ઉકાભાઈ સોલંકી નામના રીઢા અને કુખ્યાત ઘરફોડ ચોરને પોલીસે માણેકચોક વિસ્તારમાંથી ઝડપી પાડીને જેલના પાછળ ધકેલી દીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ખાડિયાની રાયપુર સિદ્ધિની પોળમાં રહેતા એક પરિવારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ત્રાટકેલા ચોરે મકાનના તાળા તોડીને અંદર પ્રવેશ મેળવ્યો હતો અને ઘરમાં પડેલી રોકડ રકમ તેમજ કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચ હરકતમાં આવી ગઈ હતી. LCB ઝોન-૩ ની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને ચોરની ઓળખ કરી લીધી હતી.

નિકોલ હિટ એન્ડ રન કાંડમાં મોતનો આંકડો વધ્યો: વધુ એક શખ્સનું કાળમુખી ફોર્ચ્યુનર કારની ટક્કરે કમકમાટીભર્યું મોત

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં બેફામ બનેલા વાહનચાલકો અને નબીરાઓની લાપરવાહી ફરી એકવાર નિર્દોષ લોકોના ભોગ લઈ રહી છે. નિકોલ વિસ્તારમાં તાજેતરમાં ચકચાર મચાવનારા કુખ્યાત ફોર્ચ્યુનર કાર અકસ્માત કેસમાં વધુ એક દુખદ સમાચાર સામે આવ્યા છે. ગોઝારા અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા વધુ એક ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જેને કારણે મૃત્યુઆંક વધતા સમગ્ર પંથકમાં રોષ અને શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નિકોલ વિસ્તારમાં પૂરઝડપે દોડતી ઘાતક ફોર્ચ્યુનર ગાડીના ચાલકે રસ્તા પર કાળો કહેર વર્તાવ્યો હતો. નબીરાની બેફામ સ્પીડ અને ટ્રાફિક નિયમોના બેદરકારીભર્યા ઉલ્લંઘનને કારણે અગાઉ પણ ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકો ભોગ બન્યા હતા.

આ ભયાનક ટક્કરમાં ગંભીર ઈજા પામેલા વધુ એક પીડિતને હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે જંગ લડવો પડી રહ્યો હતો, પરંતુ ડોક્ટરોના તમામ પ્રયાસો છતાં અંતે તે હારી ગયા અને તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

ચાંદખેડામાં પોલીસની નજર સામે જ પુત્રએ નિવૃત્ત ASI પિતાના માથામાં બ્લોક ઝીંકી માથું ફોડ્યું

અમદાવાદના ચાંદખેડામાં 2020માં નિવૃત્ત થયેલા ASI ગણપત પરમાર પર તેમના પુત્ર કૌશલે પારિવારિક ઝઘડામાં સ્ટંપ અને બ્લોક વડે હુમલો કર્યો હતો. પોલીસની હાજરીમાં જ પુત્રએ પિતાના માથામાં બ્લોક માર્યો હતો, જેમાં અન્ય સભ્યોને પણ ઈજા થઈ હતી. ચાંદખેડા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ચાંદખેડાના વ્રજ ટેનામેન્ટમાં વર્ષ 2020માં અમદાવાદ ગ્રામ્ય પોલીસમાંથી નિવૃત્ત થયેલા ASI ગણપત પરમાર પર તેમના પુત્ર કૌશલ પરમારે પારિવારિક ઝઘડામાં સ્ટંપ વડે હુમલો કર્યો હતો. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા કૌશલે પોલીસની હાજરીમાં જ પિતાના માથામાં બ્લોક મારી દીધો હતો. જેમાં પરિવારના અન્ય સભ્યો પણ હુમલાનો ભોગ બન્યા હતા. આ મામલે ચાંદખેડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI